" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 304 | AD - 2026, Ashadh Vad - 11 | Sunday, Dt. 09-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### યુએસ સેનેટમાં ભારત સહિતના રશિયન તેલ આયાતકારો પર ટેરિફ બિલ પસાર

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા દેશો પર અમેરિકા ૧૦૦% ટેરીફ લાદશે

વોશિંગ્ટન,તા.૦૮

અમેરિકાના ઉપલા ગૃહ એટલે કે યુએસ સેનેટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ બિલ પસાર કર્યું છે, જે અંતર્ગત રશિયા અને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ તથા અન્ય ઉત્પાદનો ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાદવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાને 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્સપોર્ટ્સ ઓફ ૨૦૨૬' નામ આપવામાં આવ્યું છે. આ બિલ ભારે બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે અને તે યુએસ રાષ્ટ્રપતિને ભારત અને ચીન જેવા દેશોના ઉત્પાદનો પર આયાત ડ્યુટી નક્કી કરવાની સત્તા આપે છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયાને યુક્રેન સામેના યુધ્ધ માટે મળતી નાણાકીય સહાય રોકવાનો અને ઈરાનની અર્થવ્યવસ્થાને નબળી પાડવાનો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ કાયદા હેઠળ કોઈપણ દેશ પર શૂન્યથી લઈને સો ટકા સુધીનો ટેરિફ લાદવા માટે સ્વતંત્ર રહેશે, જે સાથી દેશોને સસ્તી ઊર્જા અને અમેરિકન બજાર વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડશે. જો આ બિલ કાયદાનું રૂપ લેશે, તો ભારતના નિકાસ આધારિત ક્ષેત્રો જેવા કે ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ, રસાયણો, કાપડ અને ઓટો પાર્ટ્સ પર ગંભીર અસર પડશે. રાષ્ટ્રપતિને મળેલા નવા અધિકારો હેઠળ જો ભારતીય માલ પર ૧૦૦ ટકા સુધીની આયાત જકાત લાદવામાં આવે, તો અમેરિકાના આયાતકારો માટે ભારતીય



ઉત્પાદનો ખૂબ જ મોંઘા સાબિત થશે. પરિણામે, અમેરિકન ખરીદદારો અન્ય દેશોના વૈકલ્પિક સપ્લાયર્સ તરફ વળી શકે છે, જેનાથી ભારતીય નિકાસકારોએ નબળી માંગ અને મોટા આર્થિક નુકસાનનો સામનો કરવો પડી શકે છે. બજારમાં ટકી રહેવા માટે ભારતીય કંપનીઓએ નવા નિકાસ બજારો શોધવા પડશે અને ભારત સરકાર પર અમેરિકા સાથે નવી વેપાર વાટાઘાટો શરૂ કરવાનું દબાણ પણ વધશે.હાલમાં ભારત પોતાની ઉર્જા સુરક્ષા માટે રશિયન ક્રૂડ ઓઈલ પર મોટા પ્રમાણમાં નિર્ભર છે. જુલાઈ મહિનાના ડેટા મુજબ, ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતમાં રશિયાનો હિસ્સો અંદાજે ૫૫ ટકા જેટલો હતો. હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા સંકટને કારણે પશ્ચિમ એશિયામાંથી તેલ મેળવવું મુશ્કેલ બન્યું હોવાથી રશિયન તેલનું મહત્વ વધુ વધ્યું છે. જો ભારત તેની આયાત ઘટાડે, તો પણ વધુ ખર્ચાળ વિકલ્પો અપનાવવાના કારણે વાર્ષિક અબજો ડોલરનો વધારાનો નાણાકીય બોજ પડશે. આ બિલમાં એવી પણ જોગવાઈ છે કે જો કોઈ દેશ રશિયાની કુલ નિકાસના ૧૫ ટકા કરતા ઓછું આયાત કરે અને નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો દર્શાવે, તો તેને ટેરિફમાંથી મુક્તિ મળી શકે છે.આ બિલને સેનેટની મંજૂરી મળી હોવા છતાં, અમેરિકામાં પણ ભારે રાજકીય અને આર્થિક વિવાદ ઉભો થયો છે. યુએસ ચેમ્બર ઓફ કોમર્સ જેવા વેપાર સંગઠનો અને ટીકાકારોનું માનવું છે કે ૧૦૦ ટકા ટેરિફ લાદવાથી આખરે અમેરિકન વ્યવસાયો અને સામાન્ય ગ્રાહકોને જ નુકસાન થશે. ફુગાવાને કારણે અમેરિકન જનતા પહેલેથી જ મુશ્કેલીમાં છે. આ ઉપરાંત, ઈરાની તેલ આયાતકારો પર ટેરિફ સત્તાઓ વિસ્તારવા અંગે પણ ડેમોક્રેટિક નેતાઓમાં ચિંતા છે. આ ટેરિફ નીતિથી તુર્કી, બ્રાઝિલ અને સિંગાપોર જેવા દેશો સાથેના અમેરિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો પર પણ નકારાત્મક અસર પડી શકે છે.

## સીમાંકન બિલ પહેલાં PM મોદીનો માસ્ટરસ્ટ્રોક : એનડીએ સાથે જોડાયેલા નવા સાંસદો સાથે મહત્વની મુલાકાત

નવી દિલ્હી, તા.૦૮

આગામી સંસદ સત્રમાં મહત્વના બિલો પસાર કરાવવા માટે NDAની સંખ્યાત્મક તાકાત વધારવાના પ્રયાસો તેજ બન્યા છે. આ કડીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં NDAમાં જોડાયેલા ૪૫ સાંસદોને નાસ્તા માટે આમંત્રિત કરી મુલાકાત કરી હતી. બેઠકમાં NCP, શિવસેના (શિંદે જૂથ), રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (અઠાવલે જૂથ), AIADMK અને UPPLના સાંસદો હાજર રહ્યા હતા. NCPના ૨૦ સાંસદોમાં ત્રણ મુસ્લિમ સાંસદો પણ સામેલ હતા,



જેઓ અગાઉ NDAની બેઠકમાં હાજર રહ્યા નહોતા. જોકે, આ વખતે તેમણે વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. બેઠક બાદ યુસુફ પઠાણે રાષ્ટ્રીય હિતના બિલોને સમર્થન આપવાની વાત કરી હતી. સરકારના આ પગલાને સંસદમાં સંખ્યાબળ મજબૂત કરવાની વ્યૂહરચના તરીકે જોવામાં આવી રહ્યું છે. અહેવાલ મુજબ હાલ NDA પાસે આશરે ૩૨૪ સાંસદોનું સમર્થન છે. DMK અને YSR કોંગ્રેસના સાંસદોનો સાથ મળે તો આ સંખ્યા ૩૫૦ સુધી પહોંચી શકે છે.દરમિયાન, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ PM મોદી સાથે મુલાકાત કરી હતી. તેમણે મહિલા અનામત અને સીમાંકન બિલને સમર્થન આપ્યું હતું. બીજી તરફ, શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે પણ PM મોદી સાથે મુલાકાત કરતાં ભાજપ અને અકાલી દળ વચ્ચે ફરી ગઠબંધનની અટકળો તેજ થઈ છે. રાજકીય નિષ્ણાંતોના મતે, મહિલા અનામત અને સીમાંકન જેવા મહત્વના બંધારણીય બિલોને પસાર કરાવવા માટે સરકાર સાથી પક્ષોનો આધાર વધુ મજબૂત કરી રહી છે.

## વાયુસેનાના વિંગ કમાન્ડર હની ટ્રેપમાં ફસાયા, પાક. એજન્ટોને સંવેદનશીલ માહિતી લીક કર્યાનો આરોપ

નવી દિલ્હી, તા.૦૮

ભારતીય વાયુસેનાના એક વિંગ કમાન્ડર પર પાકિસ્તાની ગુપ્તચર એજન્ટોના કથિત હની ટ્રેપમાં ફસાઈ સંવેદનશીલ સંરક્ષણ માહિતી લીક કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, સોશિયલ મીડિયા મારફતે પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં આવ્યા બાદ અધિકારીએ ગુપ્ત માહિતી અને દસ્તાવેજો શેર કર્યા હોવાની આશંકા છે.




વાયુસેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, અધિકારીની પ્રવૃત્તિઓ પર સતત નજર રાખવામાં આવી રહી હતી. બાદમાં તેમને કાયદા અમલીકરણ એજન્સીઓને સોંપવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ, અધિકારીની ધરપકડ કરવામાં આવી છે અને હાલ તેઓ ન્યાયિક કસ્ટડીમાં છે. તેમની સામે ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધાયો છે. તપાસમાં એવો પણ આરોપ સામે આવ્યો છે કે અધિકારીએ પોતાના એક સાથીદારના મોબાઈલ ફોનમાં માહિતી ચોરી કરતું સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ રીતે મોબાઈલ ફોન પર નિયંત્રણ મેળવવાનો કથિત પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. વાયુસેનાની ગુપ્તચર શાખાએ કેસ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી દિલ્હી પોલીસ સાથે શેર કરી હતી.વાયુસેનાએ આવા કિસ્સાઓમાં બેદરકારી સામે શૂન્ય સહનશીલતાની નીતિ સ્પષ્ટ કરી છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે. અગાઉ પણ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI માટે જાસૂસીના આરોપમાં રાજસ્થાનના અલવરથી એક વ્યક્તિની ધરપકડ થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ, તે પણ સોશિયલ મીડિયા મારફતે પાકિસ્તાની મહિલા એજન્ટના કથિત હની ટ્રેપમાં ફસાયો હતો. આ મામલે પણ નાણાકીય લાલચ આપીને સંવેદનશીલ માહિતી મેળવવાનો આરોપ મૂકાયો હતો.

### ઘટનાની જાણ થતાં પોલીસ અને વહીવટી તંત્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી

## ચંબામાં ટીસા-બૈરગઢ રોડ પર બસ પલટી, ૭ લોકોનાં મોત

શિમલા, તા.૦૮

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ટીસા-બૈરગઢ રોડ પર આજે સવારે ગમખ્વાર બસ અકસ્માત સર્જાયો હતો. ચાલુજ વળાંક પાસે બૈરગઢથી ચંબા તરફ જઈ રહેલી એક બસ અચાનક પલટી જતાં સાત લોકોનાં મોત નીપજ્યાં હતા, જ્યારે ૧૧ મુસાફરો ઘાયલ થયા હતા. અકસ્માત સમયે બસમાં આશરે ૧૫થી ૨૦ લોકો સવાર હોવાનું



જાણવા મળ્યું છે.

અકસ્મતમાં મૃત્યુ પામનારાઓમાં ચાર પુરુષ અને ત્રણ મહિલાનો સમાવેશ થાય છે. મૃતકોમાં બસના ડ્રાઈવર અને કંડક્ટરનો પણ સમાવેશ થાય છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઘાયલોને બસમાંથી બહાર કાઢી સારવાર માટે ટીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પોલીસ અને વહીવટી તંત્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતના કારણ અંગે તપાસ શરૂ કરી છે. ટીસા પોલીસ સ્ટેશનના વધારાના એસએચઓ અનુભવ શર્માએ અકસ્માતમાં સાત લોકોનાં મોત અને ૧૧ લોકો ઘાયલ થયાની પુષ્ટિ કરી છે.

પ્રાથમિક માહિતી મુજબ મૃતકો ચંબા જિલ્લાના ચુરાહ તાલુકાના વિવિધ ગામોના રહેવાસી હતા. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે મૃતકોની ઓળખ અને અકસ્માતની પરિસ્થિતિ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## છત્તીસગઢમાં ધર્મ પરિવર્તન માટે ૬૦ દિવસ પહેલાં જાણ કરવી પડશે


રાયપુર, તા.૦૮

છત્તીસગઢ સરકારે છત્તીસગઢ ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, ૨૦૨૬ના નિયમો જાહેર કરી તેને સત્તાવાર રીતે અમલમાં મૂક્યો છે. નવા નિયમ મુજબ ધર્મ પરિવર્તન કરવા ઈચ્છતી વ્યક્તિએ ઓછામાં ઓછા ૬૦ દિવસ અગાઉ જિલ્લા વહીવટીતંત્રને જાણ કરવી પડશે. કાયદાનો હેતુ બળજબરી, પ્રલોભન, છેતરપિંડી અથવા અન્ય ગેરકાયદેસર રીતે થતા ધર્મ પરિવર્તનને રોકવાનો હોવાનું સરકારે જણાવ્યું છે. નવા કાયદા હેઠળ ધર્મ પરિવર્તન માટે સ્વ-ઘોષણા અને સંબંધિત ધાર્મિક વ્યક્તિ દ્વારા અગાઉથી જાણ કરવાની જોગવાઈ છે. પ્રસ્તાવિત ધર્મ પરિવર્તન સામે વાંધો નોંધાવવા માટે પણ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. લગ્નના હેતુથી કરવામાં આવતા કથિત ગેરકાયદેસર ધર્મ પરિવર્તન સામે પણ કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે.









**સાંસદ ભરત સુતરિયાની ધારદાર રજૂઆત રંગ લાવી**

# અમરેલીના ચિતલ ખાતે વંદે ભારતને સ્ટોપેજની મંજૂરી

અમરેલી, તા.૦૮

અમરેલીના ચિતલ રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજની લાંબા સમયથી ચાલી આવતી લોકમાંગણીને હવે મંજૂરી મળી છે. અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરિયાની ધારદાર રજૂઆત અને સતત પ્રયાસોને મોટી સફળતા મળી છે. ચિતલ ખાતે વંદે ભારતના સ્ટોપેજ માટે સાંસદ ભરત સુતરિયાએ લોકહિતને ધ્યાનમાં રાખી સતત રજૂઆતો કરી હતી, જેના પરિણામે હવે ચિતલ અને આસપાસના વિસ્તારના લોકોને મોટી રેલવે સુવિધા મળવા જઈ રહી છે.૧૭ ઓગસ્ટથી શરૂ થનારી વેરાવળ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન હવે અમરેલીના ચિતલ રેલવે સ્ટેશન ખાતે પણ રોકાશે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિનીકુમાર વૈષ્ણવ દ્વારા પત્ર મારફતે ચિતલ ખાતે વંદે ભારત ટ્રેનના સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી હોવાની સત્તાવાર જાણકારી





આપવામાં આવી છે.ચિતલ ખાતે વંદે ભારતના સ્ટોપેજ માટે સાંસદ ભરત સુતરિયાએ કેન્દ્ર સરકાર સમક્ષ ધારદાર અને પરિણામલક્ષી રજૂઆત કરી હતી. ચીતલ તેમજ આસપાસના વિસ્તારના મુસાફરોની લાંબા સમયથી ચાલી આવતી માંગણીને સાંસદે પ્રાથમિકતા આપી આ મુદ્દાને સતત સરકારના સંબંધિત વિભાગ સમક્ષ રજૂ કર્યો હતો. સાંસદની લોકહિત પ્રત્યેની પ્રતિબધ્ધતા, સક્રિય કામગીરી અને સતત પ્રયાસોના પરિણામે આ મહત્વપૂર્ણ માંગણીને મંજૂરી મળી છે.વંદે ભારતના સ્ટોપેજથી ચિતલ અને આસપાસના વિસ્તારના મુસાફરો તેમજ વેરાવળ તરફ જતા શ્રધ્ધાળુઓ માટે અમદાવાદ અને વેરાવળ સુધીની મુસાફરી વધુ ઝડપી, સરળ અને સુવિધાસભર બનશે. આ સાથે વિસ્તારની રેલવે કનેક્ટિવિટીને પણ વધુ વેગ મળશે.અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરિયા દ્વારા લોકસભા વિસ્તારના વિવિધ પ્રશ્નો અને લોકોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી કેન્દ્ર સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. ચિતલ ખાતે વંદે ભારતના સ્ટોપેજની મંજૂરી સાંસદની આવી જ લોકહિતલક્ષી કામગીરી અને પરિણામલક્ષી પ્રયાસોની વધુ એક સફળતા તરીકે સામે આવી છે.ચિતલ ખાતે વંદે ભારતના સ્ટોપેજને મંજૂરી મળતા સ્થાનિક નાગરિકો અને મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

લાંબા સમયથી કરવામાં આવતી માંગણી પૂર્ણ થતાં ચિતલ તેમજ આસપાસના વિસ્તારના લોકોને ઝડપી રેલવે મુસાફરીની નવી સુવિધા મળશે.આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ સાંસદ ભરત સુતરિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિનીકુમાર વૈષ્ણવનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. સાથે જ ચિતલ અને આસપાસના વિસ્તારના નાગરિકોની માંગણીને મંજૂરી મળવા બદલ સંતોષ વ્યક્ત કર્યો છે.ચિતલ ખાતે વંદે ભારતને સ્ટોપેજ મળતા અમરેલી શહેરના પ્રબુધ્ધ નાગરિકો, શહેર ભાજપ ટીમ, કિસાન મોરચાની ટીમ, યુવા ભાજપની ટીમ, બક્ષીપંચ મોરચાની ટીમ સહિતના કાર્યકર્તાઓ અને આગેવાનો દ્વારા સાંસદ ભરત સુતરિયાનું મોઢું મીઠું કરાવી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકર્તાઓએ સાંસદ ભરત સુતરિયાને અભિનંદન પાઠવ્યા હતા.

### અમરેલી મિશન બ્રોડગેજની માંગ સંતોષાઈ

વેરાવળ અમદાવાદ વંદે ભારત ટ્રેનનો સ્ટોપેજ ચિતલ ગામને મળે તે માટે અમરેલી મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા ભૂતકાળમાં રજૂઆત કરવામાં આવી હતી જોકે સાંસદ ભરત સુતરિયાની રજૂઆત રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ધ્યાને લેવામાં આવતા વેરાવળ અમદાવાદ(સાબરમતી) વંદે ભારત ટ્રેનનો સ્ટોપેજ ચિતલ આપવામાં આવતા અમરેલી જિલ્લાના મુસાફર વર્ગમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

### ચિતલને સ્ટોપેજ મળતા દેશના અન્ય મહાનગરો સાથે સીધી કનેક્ટિવિટી

અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા ચિતલ વંદે ભારત ટ્રેનનો સ્ટોપ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી તેનું મુખ્ય કારણ એ હતું કે અમરેલી થી રોજ હજારોની સંખ્યામાં વેપારીઓ રત્નકલાકારો વિદ્યાર્થીઓ અને દર્દીઓ અમદાવાદ તરફ પ્રયાણ કરે છે ચિતલ ખાતે સ્ટોપ મળવાથી અમરેલીની જનતાને સીધી અમદાવાદ સાબરમતી સુધીની આધુનિક અને સુરક્ષિત ટ્રેન સુવિધા પ્રાપ્ત થશે વધુમાં અમદાવાદ પહોંચ્યા બાદ અહીંના નાગરિકોને ત્યાંથી મુંબઈ, હરિદ્વાર, દિલ્હી જેવા દેશના પ્રમુખ ધાર્મિક અને વ્યાપારી કેન્દ્ર તરફ જવા માટે કનેક્ટિવિટી ખૂબ જ સરળતાથી મળી શકશે.

**અમરેલી લોકસભાના સાંસદની લોકહિતની સતત રજૂઆતોને મોટી સફળતા, ૧૭ ઓગસ્ટથી વેરાવળ-અમદાવાદ વંદે ભારત ટ્રેન ચિતલ ખાતે રોકાશે**

## વાવેરા ખાતે 'વન કવચ'નું લોકાર્પણ

રાજુલા,તા.૦૮

સામાજિક વનીકરણ રેન્જ, રાજુલા હેઠળ વાવેરા ખાતે નિર્મિત 'વન કવચ'નું લોકાર્પણ રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે સંપન્ન થયું હતું.આ પ્રસંગે અમરેલી વિભાગના એ.સી.એફ. જાદવ, આર.એફ.ઓ. નવનીતભાઈ ડેર અને આર.એફ.ઓ. મકવાણા સહિત વન વિભાગના અધિકારીઓ તેમજ વાવેરા, ભાક્ષી અને આસપાસના



તસવીર : ગોપાલ રાઠોડ

ગામોના સ્થાનિક સરપંચો તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ વન સંરક્ષણ અને પ્રકૃતિ જાળવણી માટે તમામ શક્ય સહયોગ આપવાની ખાતરી આપી હતી. વન વિભાગની આ સરાહનીય પહેલથી 'હરિયાળું ગુજરાત' અને પર્યાવરણ સંરક્ષણના સંકલ્પને વધુ બળ મળશે તથા આવનારી પેઢીને સ્વચ્છ, લીલોતરીસભર અને સુરક્ષિત પર્યાવરણ પ્રાપ્ત થશે.

## સાવરકુંડલામાં ઘર બહાર પાર્ક કરેલી બાઈકની ચોરી

સાવરકુંડલા, તા. ૦૮

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે.પરમારે તપાસ હાથ ધરી**

સાવરકુંડલામાં ઘર બહાર પાર્ક કરેલી બાઈકની ચોરી થઈ હતી. આ અંગે શાંતિલાલ ગોવિંદભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૧) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ તથા સાહેદની હિરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્લસ એમ બે બાઈકની રાત્રિના આશરે એક વાગ્યાથી સવારના આશરે સાત વાગ્યા દરમિયાન તેમના તથા સાહેદના ઘર પાસેથી ચોરી થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં દેશભક્તિ ગીતોની ગાયન સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૮

અમરેલી ખાતે રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા દેશભક્તિ ગીતોની સિંગિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક દીપક હાઈસ્કૂલ ખાતે યોજાયેલી સ્પર્ધામાં વિદ્યાર્થીઓ, યુવાનો અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોએ વિવિધ દેશભક્તિના ગીતોની



સુંદર રજૂઆત કરી હતી. દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાથી ભરપૂર ગીતોની ગુંજથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને દેશસેવાની ભાવના મજબૂત બને છે. સંગીતના માધ્યમથી સ્વતંત્રતા સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉત્કૃષ્ટ રજૂઆત કરનાર સ્પર્ધકોને અભિનંદન પાઠવાયા હતા.

## સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ૩૫૦મો વિનામૂલ્યે નેત્રનિદાન યજ્ઞ યોજાયો

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા દર માસના પ્રથમ શુક્રવારે યોજાતી સેવા શ્રેણી અંતર્ગત પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની સ્મૃતિમાં ૩૫૦મા વિનામૂલ્યે મહા નેત્ર નિદાન યજ્ઞનું ભવ્ય



આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ તથા કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં વિરનગર હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોએ ૭૫ દર્દીઓની તપાસ કરી હતી. આ પૈકી મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૦૮ દર્દીઓને વિરનગર હોસ્પિટલ ખાતે સંપૂર્ણ વિનામૂલ્યે ઓપરેશન માટે મોકલાયા હતા, જ્યારે અન્ય દર્દીઓને ફ્રી ચશ્મા અને દવાઓ અપાઈ હતી.

## બગસરામાં પ્રિન્સ લોકકલા સન્માન સમારોહ યોજાયો

**લોકગાયક ભરત બારોટને 'પ્રથમ પ્રિન્સ લોકકલા સન્માન-૨૦૨૬'થી સન્માનિત કરાયા**

બગસરા,તા.૦૮

બગસરા ખાતે પ્રિન્સ ફાઉન્ડેશન એન્ડ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવી શાક માર્કેટ સ્થિત ટાઉનહોલમાં તા. ૬ ઓગસ્ટના રોજ 'પ્રથમ પ્રિન્સ લોકકલા સન્માન




તસવીર : હાર્દિક બામટા

સમારોહ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. પ્રિન્સની સ્મૃતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કલાપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા લોકગાયક અને રાવણહથ્થાના વાદક ભરત બારોટને 'પ્રથમ પ્રિન્સ લોકકલા સન્માન-૨૦૨૬' અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું ઉદ્ઘાટન અમરેલીના આદિનાથ મહાદેવના મહંત ૧૦૮ ઉમેશાનંદગીરીબાપુના હસ્તે થયું હતું. ભજનાનંદી પાલુભાઈ ગઢવી સહિત સાહિત્ય અને કલા જગતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. લોકકલાને જીવંત રાખવાના પ્રયાસોની સૌએ પ્રશંસા કરી હતી. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ બાવીસીએ કર્યું હતું.









એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ મંગાવાયા

# જાફરાબાદના વઢેરા ગામે કાર્ગો પોર્ટ વિકસાવવામાં આવશે

**રાજ્યમાં ગ્રીનફીલ્ડ પોર્ટ્સ માટે પહેલ કરવામાં આવી**

જાફરાબાદ, તા.૮

રાજ્યને પ્રથમ મુખ્યમંત્રી આપનારું અમરેલી હવે દાયકાઓ બાદ વિકાસની હરણફાળ ભરી રહ્યું હોય તેમ લાગે છે. રાજ્યમાં અમરેલી સહિત ૬ નવા સ્થળોએ કાર્ગો પોર્ટ વિકસાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૨૮ વર્ષ બાદ ગ્રીનફીલ્ડ પોર્ટ્સ માટે નવી પહેલ કરવામાં આવી છે. ગુજરાત મેરિટાઈમ બોર્ડેએ બિલ્ડ-ઓન-ઓપરેટ-ટ્રાન્સફર મૉડેલ હેઠળ આ પ્રસ્તાવિત બંદરોનો વિકાસ, સંચાલન અને નિભાવ કરવા માટે ખાનગી ડેવલપર્સ પાસેથી વૈશ્વિક એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ મંગાવ્યા છે.સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અમરેલીના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામ, દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામ, ગીર સોમનાથના ઉના તાલુકાના વડોદરા (ઝાલા) ગામ, ભાવનગરના ઘોઘા નજીક આવેલું લખાણકા ગામ, કચ્છના માંડવી તાલુકાનું નાના લાયજા ગામ તથા સુરતના ચોર્યાસી તાલુકાનું દામકા ગામ ખાતે કાર્ગો પોર્ટ વિકસાવવામાં આવશે. આઈઆઈટી ખડગપુર દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રી-ફિઝિબિલિટી રિપોર્ટ અનુસાર, આ પ્રસ્તાવિત બંદરોમાં અંદાજે રૂ. ૧૨,૩૨૦ કરોડનું રોકાણ આવવાની અને કુલ ૧૨૪ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા ઊભી થવાની ધારણા છે.એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ દસ્તાવેજ અનુસાર, સપ્ટેમ્બરના અંત સુધીમાં બિડ મળ્યા બાદ રાજ્ય સરકાર ખાનગી ડેવલપર્સને શોર્ટલિસ્ટ કરવાનું આયોજન કરી રહી છે. પસંદગી પામેલા ડેવલપર્સ બિલ્ડ-ઓન-ઓપરેટ-ટ્રાન્સફર મૉડેલ હેઠળ બંદરોના વિકાસ, સંચાલન અને જાળવણી માટે જવાબદાર રહેશે.અમરેલી સહિત રાજ્યમાં છ જગ્યાએ કાર્ગો પોર્ટ વિકસાવવા ઈચ્છુક કંપનીઓને જો કોઈ પ્રશ્નો હોય તો ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં મેરીટાઈમ બોર્ડને મોકલી શકે છે. પ્રી-સબમિશન મીટિંગ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાશે. તેમજ એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

**વઢેરા ગામે ૨૬૧ હેક્ટર જમીન ફાળવાશે**

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, જાફરાબાદના વઢેરા ગામે ૨૬૧ હેક્ટર જમીન ફાળવવામાં આવશે. અહીં માત્ર BOOT (Build, Own, Operate and Transfer) મોડેલ હેઠળ ગ્રીનફિલ્ડ પોર્ટ ઝોન વિકસાવવામાં આવશે. જે અંતર્ગત ભારત સરકાર દ્વારા શીપબિલ્ડીંગ ક્ષેત્રને ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરજ્જો આપવામાં આવતાં વિવિધ સહાયો પણ આપવામાં આવશે. જેમાં સ્ટેમ્પ ડ્યુટી રિઇમ્બર્સમેન્ટ, વ્યાજ સબ્સિડી, ડ્રેજિંગમાં ૧૦ વર્ષ સુધી આસિસ્ટન્સ, વીજળી અને પાણીના ટેરિફમાં રાહતનો સમાવેશ કરવામાં આવશે.

**બંદર/ટર્મિનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટેની લાયકાત**

જાફરાબાદના વઢેરા ગામ સહિત છ જગ્યાએ બંદર/ટર્મિનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસાવવા માંગતી કંપનીઓની ન્યૂનતમ નેટવર્થ રૂ. ૫૦૦ કરોડ અને વિતેલા ત્રણ નાણાકીય વર્ષો દરમિયાન સરેરાશ વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછું રૂ. ૧૦૦૦ કરોડ હોવું જરૂરી છે. સફળ બિડકર્તાઓને ગુજરાત સરકાર તરફથી વિવિધ પ્રોત્સાહનો મળશે, જેમાં કન્સેસન પીરિયડ ૩૦ થી ૫૦ વર્ષ સુધીનો રહેશે. આ ઉપરાંત અરજદારે પાછલા ૧૦ વર્ષમાં ઓછામાં ઓછો એક પોર્ટ, ટર્મિનલ અથવા સમકક્ષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સફળતાપૂર્વક વિકસાવેલ અથવા સંચાલિત કરેલો હોવો જોઈએ.

# રાજુલામાં નારીવંદન સપ્તાહ અંતર્ગત મહિલા જાગૃતિ શિબિરનું આયોજન

અમરેલી,તા.૦૮



રાજુલા ખાતે મહિલા કલ્યાણ દિવસ નિમિત્તે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણજરીયાના માર્ગદર્શન હેઠળ જી.એસ.સી.એલ. ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલી શિબિરમાં મહિલાઓને વિવિધ સરકારી યોજનાઓ, સ્વરોજગારની તકો તથા મહિલા સશક્તિકરણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજુલા તાલુકા પંચાયતના પ્રમુખ મધુબેન હિંમતભાઈ બલધારિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણજરીયા, જી.એસ.સી.એલ.ના સીએસઆર હેડ રમેશભાઈ મકવાણા તથા સિનિયર મેનેજર રવિભાઈ સોલંકી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓએ શિબિરનો લાભ લીધો હતો.

# અમરેલીમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે અંતર્ગત શાળા-કોલેજોમાં દેશભક્તિનો માહોલ

અમરેલી,તા.૦૮



રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલી પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત અમરેલી જિલ્લાના વિવિધ શાળા અને કોલેજોમાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના વધુ મજબૂત બને તે હેતુથી રંગોળી, નિબંધ લેખન અને ક્વિઝ સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ શાળાઓમાં યોજાયેલી રંગોળી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ત્રિરંગો, ભારત માતા, અશોક ચક્ર, રાષ્ટ્રીય પ્રતીકો તેમજ સ્વતંત્રતા સેનાનીઓના ચિત્રો બનાવી દેશપ્રેમની લાગણી વ્યક્ત કરી હતી. ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. ક્વિઝ સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આગામી દિવસોમાં પણ વિવિધ દેશભક્તિમય કાર્યક્રમો યોજાશે.

# અમરેલી જિલ્લામાં ૯ મહિલા સહિત ૨૬ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૬ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં ૯ મહિલાઓ પણ હતી. ધારીના તરશીંગડા ગામેથી એક વેપારી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૫ બોટલ તથા લીલીયાના ગુંદરણ ગામે પાંચતલાવડા ગામ તરફ જવાના કાચા રસ્તા પરથી એક યુવક ભારતીય બનાવટની વિદેશી દારૂની ૪ બોટલ સાથે ઝડપાયો હતો.

સાવરકુંડલામાં એક મહિલાના રહેણાંક મકાનેથી દેશી દારૂ બનાવવાનો ૧૫ લીટર આથો પકડાયો હતો. આ સિવાય જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૫ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા.

# રાજુલાના કોટડી ગામેથી સગીરાનું બદકામના ઈરાદે કરાયું અપહરણ

રાજુલા, તા. ૦૮

રાજુલાના કોટડી ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ થયું હતું. સગીરાના પિતાએ વિજયભાઈ રાઘવભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પુત્રીને આરોપી વિજયભાઈ રાઘવભાઈ મકવાણા લગ્ન કરવાના તથા બદકામના ઈરાદે લલચાવી, ફોસલાવી અને ભોળવીને તેના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કાલોદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# દામનગરમાં વૈજનાથ મહાદેવ મંદિર પાસથી ગંદુ પાણી દુર કરવા માંગ

દામનગર,તા.૦૮



દામનગરમાં ગાયત્રી મંદિર અને વૈજનાથ મહાદેવ મંદિર પાસેના મુખ્ય માર્ગ પર આવેલા નાળા નીચેની ગટર લાઈન તૂટી જતાં ગંદુ પાણી ભરાઈ રહે છે. લાંબા સમયથી નિકાલ ન થવાને કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. આગામી પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અહીં ભાવિક ભક્તોની ભારે ભીડ રહેશે. રોગચાળો ફેલાય તે પહેલાં તંત્ર તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરી આ વિસ્તારમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરે તેવી લોકમાંગ છે.




## રાજુલાના દેવકા ગામની સગીરાનું અપહરણ

રાજુલા, તા. ૦૮

રાજુલાના દેવકા ગામની સગીરાનું તેના જ ગામના યુવક દ્વારા બદકામના ઈરાદે અપહરણ કરાયું હતું. સગીરાના પિતાએ દેવકા નવા ગામના સાગરભાઈ લખમણભાઈ વાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની સગીર વયની દીકરી અભ્યાસ અર્થે ગઈ હતી ત્યારે આરોપી તેને બદકામ કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવીને અપહરણ કરી ગયો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. એસ. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**બાબરા**

સુન્ની સોરઠીયા મુસ્લિમ ઘાંચી મ.અબ્દુલભાઈ ઇસ્માલભાઈ અગવાનના પત્ની આસુબેન ઉવ.૮૦ તેઓ મ.અલતાફ ભાઈના માતા તથા ચાવંડ વાળા મ.હાજીભાઈ,મ.હાસમ ભાઈ,મુન્નાભાઈ,રફીકભાઈ શાહના મોટાબેન તથા રાજુભાઈ સત્તારભાઈ સૈયદ બાબરા વાળાના માસીનું તા.૭/૮/૨૬ના રોજ અવસાન થયું છે તેમની જિયારત તા.૯/૮/૨૬ સવારે ૧૦ વાગે પુરુષો માટે જુમ્મા મસ્જિદ તથા મહિલા માટે તેમના નિવાસ સ્થાન જુમ્મા મસ્જિદ શેરી ખાતે રાખેલ છે.




-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.47/2026
મરણ તારીખ: 22/05/1984

ઈમાબેન મુળાભાઈ ચુડાસમા,
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈમાબેન મુળાભાઈ ચુડાસમા, રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. મુળાભાઈ દુદાભાઈ ચુડાસમાનું મરણ તારીખ 22/05/1984ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪ માહે ઓગષ્ટ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં. ૩૫૭/૨૦૨૬ તા. ૨૮/૦૭/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રાજેશભાઈ પ્રાગજીભાઈ ઢોલરીયા
રહે. ૬૮ ભગવતી કૃપા સોસાયટી, સરથાણા જકાતનાકા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વાંશિયાળી, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, **અરજદારશ્રી રાજેશભાઈ પ્રાગજીભાઈ ઢોલરીયાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૭ ના રોજ મુ. વાંશિયાળી તા. સાવરકુંડલા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**ની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં. ૩૮૩/૨૦૨૬ તા. ૨૮/૦૭/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. નનુભાઈ હરીભાઈ વિરાણી
રહે. બાઢડા તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, **અરજદારશ્રી નનુભાઈ હરીભાઈ વિરાણીનો જન્મ તા.૧૦/૦૬/૧૯૬૭ ના રોજ મુ. બાઢડા તા. સાવરકુંડલા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**ની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# રાજુલાના જૂની કાતર ગામેથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર બોગસ તબીબ ઝડપાયો

રાજુલા, તા.૦૮

રાજુલાના જૂની કાતર ગામેથી એક બોગસ તબીબ ઝડપાયો હતો. આ અંગે ભેરાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. ક્રિષ્નાબેન અતુલભાઈ વ્યાસ (ઉં.વ.૨૪) એ સંજયભાઈ નારણભાઈ મોર (ઉં.વ.૩૯) સામે ફરિયાદ નોંધાવી હતી.આરોપી પોતાની પાસે કોઈ પણ સરકારમાન્ય એલોપેથિક સારવાર કરવા માટેની ડિગ્રી ન હોવા છતાં ક્લિનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસૂલ કરતો હતો. આરોપી પાસે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં, એલોપેથિક દવાઓ તથા મેડિકલને લગતી સાધન-સામગ્રીની કુલ ૨૯ વસ્તુઓ (જેની કુલ કિંમત રૂ. ૩૭,૪૩૭)ના મુદ્દામાલ સાથે તે પકડાયો હતો.તે પોતાના આ કૃત્યથી માનવ જિંદગી જોખમાઈ શકે છે તેમ જાણતો હોવા છતાં દર્દીઓને નિદાન અને સારવાર આપી માનવ જિંદગી સાથે ચેડાં કરતો હતો. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.



# અમરેલી જિલ્લાના ૨૩૪ ગામોમાં ગીરગંગા ટ્રસ્ટ દ્વારા ભગીરથ જળસંચય અભિયાન

અમરેલી,તા.૦૮

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૬માં સૌરાષ્ટ્ર અને કચ્છના ૩૫૫ ગામોમાં જળસંચયનું મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ અમરેલી જિલ્લાના સૌથી વધુ ૨૩૪ ગામોમાં વિરાટ જળ સ્ટ્રક્ચરોનું નિર્માણ થઈ રહ્યું છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમરેલી ખાતે યોજાયેલા ભવ્ય જળ સંમેલનમાં આ કાર્યનો પાયો નાખવામાં આવ્યો હતો.ઊર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા, સ્થાનિક ધારાસભ્યો તેમજ જેટકો અને પીજીવીસીએલના સહયોગથી કુકાવાવના જંગર ગામેથી ચેકડેમો ઊંડા ઉતારવાની કામગીરી શરૂ કરાઈ છે. આ ઉપરાંત, જનજાગૃતિ અર્થે ડૉ. કુમાર વિશ્વાસની 'જલકથા'નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.આ કાર્યથી ભૂગર્ભ જળ સ્તર ૪૦ થી ૬૦ ફૂટ ઊંચા આવ્યા છે. પરિણામે ખેતીની આવકમાં ૩૫ થી ૪૦ ટકાનો વધારો થયો છે અને ગ્રામીણ સ્થળાંતરમાં ૭૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે.



# બાબરાના બળેલ પીપરીયા ગામે શેઢે ઢોર ચરાવવાની ના પાડતાં ખેડૂતને ધમકી

**ખેડૂતે ભરવાડ શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૦૮

બાબરાના બળેલ પીપરીયા ગામે શેઢે ઢોર ચરાવવાની ના પાડતાં ભરવાડે ખેડૂતને ફટકાર્યો હતો, તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે વિઠ્ઠલભાઈ વાલાભાઇ ગજેરા (ઉં.વ.૮૧)એ રામાભાઇ લાખાભાઈ ભરવાડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની વાડીએ કપાસ નીંદણનું કામ કરતા હતા. તે દરમિયાન આરોપી રામાભાઈ લાખાભાઈ ભરવાડ પોતાની ગાયો તથા ભેંસો તેમના શેઢે ચરાવતા હતા. જેથી તેમણે આરોપીને ઢોર ચરાવવાની ના પાડતાં આરોપીને સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ હાથમાં રહેલી લાકડી વડે એક ઘા તેમના જમણા હાથે મારતાં લોહી નીકળવા લાગ્યું હતું. ઉપરાંત લાકડીનો બીજો ઘા ડાબા હાથની કલાઈ ઉપર મારતાં લોહી નીકળવા લાગ્યું હતું તથા લાકડીનો ત્રીજો ઘા ડાબા હાથના પોંચા પર મારતાં, ડાબા હાથે ફ્રેક્ચર થયું હતું. તેમજ જેમ ફાવે તેમ બેફામ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના શેખ પીપરીયા ગામની સીમમાં જેસીબીથી તાર ફેન્સિંગ તોડી નાખ્યાની રાવ

લાઠી, તા. ૦૮

લાઠીના શેખ પીપરીયા ગામની સીમમાં જેસીબીથી તાર ફેન્સિંગ તોડી નાખ્યાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે રાજકોટમાં રહેતા જગજીવનભાઈ રણછોડભાઈ સખીયા (ઉં.વ. ૭૨)એ શેખ પીપરીયા ગામમાં રહેતા ગોરધનભાઈ મનજીભાઈ ભાદાણી, પરશોત્તમભાઈ મનજીભાઈ ભાદાણી, રમેશભાઈ મનજીભાઈ ભાદાણી, જયેશભાઈ ગોરધનભાઈ ભાદાણી તથા કંચનબેન ગોરધનભાઈ ભાદાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી તેમની માલિકીની જમીનની ફરતે કરેલી તાર ફેન્સિંગને JCB તેમજ પક્કડથી તોડી-ફોડી આશરે ૨૦ થી ૨૫ હજારનું નુકસાન કર્યું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના શિયાળબેટ ગામે જૂની અદાવતમાં યુવકને મૂંઢ માર માર્યો

જાફરાબાદ, તા. ૦૮

જાફરાબાદના શિયાળબેટ ગામે બોલાચાલી બાદ એક યુવકને મૂંઢ માર મારવામાં આવ્યો હતો.

આ અંગે દેવાભાઈ કાળાભાઈ બાંભણીયા (ઉં.વ. ૪૫)એ શિવાભાઈ રામભાઈ બાંભણિયા અને મનાભાઈ નારણભાઈ શિયાળ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, ફરિયાદીની માલિકીની જગ્યામાં શિવાભાઈ બાંભણીયા મકાન બનાવતા હતા.

આથી તેમણે પોતાની જગ્યામાં મકાન ન બનાવવાનું સમજાવતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને લોખંડની પાઈપનો એક ઘા ઝીંકી દીધો હતો. તેમજ મોટરસાયકલની ચેઈન વડે માર મારી છાતી તથા ડાબા હાથના બાવડા પર મૂંઢ ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, મનાભાઈ શિયાળે લાકડાના બળતણિયા વડે જમણા હાથની કોણી પર મારી મૂંઢ ઈજા કરી હતી.

આ બનાવ અંગે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. ચૌહાણ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં 'હડકવા અને શ્વાન દંશ જાગૃતિ' કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓમાં શ્વાન દંશ (ડોગ બાઈટ) અને હડકવા જેવા જીવલેણ રોગ સામે સાવચેતી અને જાગૃતિ કેળવાય તે હેતુથી એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને ડોગ બાઈટથી બચવાના ઉપાયો અને પ્રાથમિક તકેદારીઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત, જાગૃતિ ફેલાવતા વિવિધ સૂત્રો (સ્લોગન) અને આકર્ષક ચિત્રો દ્વારા શ્વાન દંશ સમયે 'શું કરવું અને શું ન કરવું' તેની ખૂબ જ સરળ સમજ આપાઈ હતી. શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાએ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શિત કરતા મહત્વની સલાહ આપી હતી. કોઈપણ ઘરગથ્થુ ઉપચાર કરવાના બદલે તુરંત જ નજીકના સરકારી દવાખાને જઈને હડકવા વિરોધી રસી મુકાવવી અત્યંત જરૂરી છે. આ માટે શિક્ષક હિમાંશુભાઈ બોરીસાગરની 'નોડલ અધિકારી' તરીકે નિમણૂક કરવામાં આવી હતી.




# દામનગર પંથકમાં યુવતીનો અશ્લીલ વીડિયો વાયરલ કરનાર સામે ગુનો નોંધાયો

**ખોટી ઓળખ આપનારા સરંભડા ગામના યુવક સામે ફરિયાદ**

દામનગર, તા. ૦૮

દામનગર પંથકમાં સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેની બદનક્ષી કરવાના ઈરાદે વીડિયો વાયરલ કરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ અંગે યુવતીએ સરંભડા ગામના પિયુષભાઈ ભરતભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર થયેલી વિગતો મુજબ, આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર 'msrathod2506' નામથી એક ફેક (બોગસ) આઈડી બનાવી હતી. પોતાનું નામ 'ભૂરી' હોવાની ખોટી ઓળખ આપીને આરોપીએ યુવતી સાથે વાતચીત શરૂ કરી હતી અને તેને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ, આરોપીએ પોતાના મોબાઈલ નંબર પરથી યુવતીને વોટ્સએપ વીડિયો કોલ કરીને તેને વિશ્વાસમાં લીધી હતી. પ્રેમમાં અંધ થયેલી યુવતીએ લાઈવ વીડિયો કોલ દરમિયાન પોતાના ખાનગી અંગો દર્શાવ્યા હતા, જેનું આરોપીએ સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. ત્યારબાદ, યુવતીની સમાજમાં બદનક્ષી કરવાના ઈરાદાથી આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બોગસ આઈડી અને મોબાઈલ નંબરના આધારે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ મામલે દામનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.જી. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૯૪૮ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૬૦૭ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૪૫ |
| જુવાર સફેદ | ૧૦૪૦ | ૧૨૧૨ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૨૦૦ |
| બાજરી | ૩૨૧ | ૪૭૨ |
| મકાઇ | ૪૪૩ | ૪૪૩ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૪૯ |
| ચણા પીળા | ૧૦૧૧ | ૧૨૩૮ |
| ચણા સફેદ | ૧૨૨૫ | ૧૮૦૦ |
| અડદ | ૧૪૩૫ | ૧૮૨૮ |
| મગ | ૧૧૩૦ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૬૦ |
| ચોળી | ૧૦૧૦ | ૧૬૭૫ |
| વટાણા | ૬૨૦ | ૯૦૦ |
| કળથી | ૪૫૦ | ૬૧૫ |
| રાજમા | ૧૨૮૬ | ૧૫૦૩ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૭૧ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૫૪૧ |
| તલી | ૨૧૦૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૩૦ |
| અજમો | ૧૮૦૦ | ૨૮૨૫ |
| સુવા | ૧૩૯૦ | ૧૫૯૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૩૪ |
| સીંગફાડા | ૧૨૯૦ | ૧૮૦૫ |
| કાળા તલ | ૨૩૩૦ | ૩૬૫૧ |
| લસણ | ૧૦૮૦ | ૨૨૫૦ |
| ધાણા | ૨૭૦૦ | ૨૯૪૮ |
| ધાણી | ૨૭૮૦ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૪૪૦ | ૧૮૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૭૫ |
| રાય | ૧૩૪૦ | ૧૮૭૦ |
| મેથી | ૯૭૦ | ૧૭૪૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૬૦૧ |

| | | |
|---|---|---|
| કલોંજી | ૩૩૪૦ | ૩૬૧૦ |
| રાયડો | ૧૨૮૦ | ૧૫૧૦ |
| રજકાનું બી | ૮૫૦૦ | ૧૦૬૫૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૧૯ | ૮૨૭ |
| પપૈયા | ૧૫૭ | ૩૦૫ |
| બટેટા | ૮૬ | ૨૮૭ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૪૪૫ |
| ટમેટા | ૪૨૩ | ૬૨૯ |
| સુરણ | ૬૫૯ | ૮૭૦ |
| કોથમરી | ૪૩૧ | ૭૯૫ |
| મુળા | ૪૦૫ | ૫૯૨ |
| રીંગણા | ૩૩૯ | ૭૧૧ |
| કોબીજ | ૩૧૮ | ૫૧૨ |
| ફ્લાવર | ૬૨૬ | ૮૩૯ |
| ભીંડો | ૮૩૮ | ૧૨૨૭ |
| ગુવાર | ૧૨૨૮ | ૧૬૩૬ |
| ચોળાસીંગ | ૭૦૫ | ૧૦૨૮ |
| વાલોળ | ૧૦૧૬ | ૧૪૪૫ |
| ટીંડોળા | ૪૫૭ | ૮૪૨ |
| દુધી | ૩૧૬ | ૫૨૯ |
| કારેલા | ૫૯૨ | ૮૧૧ |
| સરગવો | ૭૩૭ | ૧૪૧૨ |
| તુરીયા | ૭૧૩ | ૧૦૫૬ |
| પરવર | ૮૧૯ | ૧૦૩૭ |
| કાકડી | ૫૮૦ | ૭૭૫ |
| ગાજર | ૩૧૩ | ૫૪૩ |
| વટાણા | ૨૦૨૧ | ૩૦૩૬ |
| ગલકા | ૩૫૫ | ૬૦૭ |
| બીટ | ૩૧૪ | ૫૨૧ |
| મેથી | ૮૮૯ | ૧૨૧૨ |
| વાલ | ૧૪૪૧ | ૨૦૩૬ |
| ડુંગળી લીલી | ૪૧૪ | ૬૩૯ |
| આદુ | ૧૬૪૫ | ૩૦૫૯ |
| મરચા લીલા | ૭૦૫ | ૧૦૨૫ |

| | | |
|---|---|---|
| મગફળી લીલી | ૧૧૦૩ | ૧૩૨૨ |
| મકાઇ લીલી | ૧૯૫ | ૩૭૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૯૧૬ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૪ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૩૮૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૧૯૭૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૭૧ |
| કલંજી | ૨૨૦૧ | ૩૫૭૧ |
| ધાણા | ૨૨૦૧ | ૩૦૩૧ |
| ડુંગળી લાલ | ૧૧૬ | ૫૫૧ |
| અડદ | ૯૦૧ | ૧૮૦૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૭૧ |
| રાય | ૧૭૩૧ | ૧૭૮૧ |
| સુવાદાણા | ૧૩૨૬ | ૧૩૨૬ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૮૧ |
| બાજરો | ૩૬૧ | ૩૮૧ |
| જુવાર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| મગ | ૮૦૧ | ૧૮૨૧ |
| વાલ | ૪૫૧ | ૧૨૭૬ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૧૫૭૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૨૫૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૨૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | 3 |
| મૂળા પુરા | ૬ | ૧૨ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૪૩૫ |
| શિંગ દાણા | ૧૪૮૫ | ૧૯૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૯૫ | ૧૮૫૦ |
| તલ સફેદ | ૧૪૭૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૫૦ |
| તલ કાશમીરી | ૧૮૦૦ | ૨૪૧૫ |
| બાજરો | ૩૯૦ | ૫૧૫ |
| જુવાર | ૪૦૦ | ૧૨૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૫ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૫૦ |
| મકાઈ | ૩૮૫ | ૪૮૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| ચણા દેશી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| સફેદ ચણા | ૭૮૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૧૦ |
| કપાસ | ૮૩૦ | ૧૯૭૫ |
| નવો કપાસ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૦૦ |
| ગમ ગુવાર | ૯૦૦ | ૧૦૧૫ |
| ધાણી | ૨૩૩૦ | ૩૦૧૦ |
| મેથી | ૧૩૫૫ | ૧૩૯૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૪૨૦ | ૬૭૦ |
| ફુલાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરિયા | ૧૧૭૦ | ૧૩૧૦ |
| ટમેટા | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૯૨૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૧૦ | ૭૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૨૦ |
| ગુવાર | ૧૪૨૦ | ૧૮૫૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૧૧૨૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલાં | ૯૮૦ | ૧૦૮૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૯૫૦ |
| ભીંડો | ૯૨૦ | ૧૦૩૦ |
| આદુ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૭૦ | ૭૯૦ |
| બીટ | ૩૮૦ | ૪૯૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૨૦ | ૧૨૩૦ |
| ડુંગળી સૂકી | ૩૬૦ | ૫૦૦ |
| લસણ સૂકું | ૧૨૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૯૦ | ૧૭૯૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૦૯ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૪ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૮૭ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૯૬ |
| ચણા | ૧૦૪૦ | ૧૨૫૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૫૫ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૫૭૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૧ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૦૩૬ |
| રજકો | ૪૫૦૦ | ૧૦૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૨૫ |
| મગફળી | ૧૦૯૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૧૨ |
| અડદ | ૭૯૫ | ૭૯૫ |
| તલ સફેદ | ---- | ૨૪૧૦ |
| શિંગ દાણા | ૧૮૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૨૩૦ | ૧૨૫૦ |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૧૦૫૧ |
| લશણ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૧૬ |
| ઘઉં | ૪૫૧ | ૫૪૧ |
| મગ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૫૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૨૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૯૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૨૯૦૧ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૨૦૦૬ | ૨૯૧૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૪૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૮ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૨૨ |
| જીરૂ | ૩૫૨૧ | ૩૮૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૪૮૦ | ૫૨૫ |
| જુવાર | ૫૫૦ | ૧૧૮૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૮૦ |
| રાય/રાયડો | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૭૦૦ | ૩૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૨૫ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૬૦૦ |
| ઘઉં | ૪૭૨ | ૫૨૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૧૦૦ | ૧૨૩૦ |

| | | |
|---|---|---|
| બાજરી | ૩૦૦ | ૪૧૫ |
| ઘઉં | ૪૫૧ | ૫૫૫ |
| મગ | ૧૩૦૦ | ૧૫૯૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૩ |
| ચણા સફેદ | ૬૦૫ | ૧૦૫૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તલી | ૧૯૨૫ | ૨૫૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૨૫ |
| લસણ | ૮૦૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૩૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૭૫ |
| ડુંગળી નાસિક | ૨૯૦ | ૫૭૦ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૨૦૦૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૮૦ | ૧૩૪૮ |
| જુવાર | ૪૭૦ | ૧૧૧૧ |
| બાજરી | ૩૯૬ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૪૨ |
| મગ | ૫૫૦ | ૧૬૦૭ |
| સોયાબીન | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૧૭૭ | ૨૫૪૫ |
| તલ કાળા | ૧૯૫૨ | ૩૩૯૩ |
| ડુંગળી લાલ | ૭૪ | ૫૧૬ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૨૮૪ |
| નાળીયેર | ૪૧૦ | ૨૮૯૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૫૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૩૫૧ |
| બાજરો | ૩૯૦ | ૫૧૯ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૫૦ |
| જુવાર | ૬૭૩ | ૧૨૧૧ |
| મગ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૨૬૧ | ૧૨૬૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૫૦ |

## સૉશિયલ મીડિયા નામનો શૈતાન સમગ્ર વિશ્વની સભ્યતા સામે ભયજનક !



આંતે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સઍપ એમ ત્રણેય મળીને જે કંપની બને છે તે 'મેટા'ના સ્વામી માર્ક ઝુકરબર્ગે વડા પ્રધાન મોદીના સીજેપી આંદોલન વખતે વિડિયો પાંચ કલાક દબાવી દેવા માટે ક્ષમા માગી.

સીજેપી આંદોલનમાં હિંસા થઈ તે પછી વડા પ્રધાન મોદીએ નક્કી કર્યું કે તેઓ સીધા જ યુવાનો સાથે સંવાદ કરશે. અને ૨૩ જુલાઈએ રાત્રે બાર વાગે (આમ જુઓ તો ૨૨મીની રાત્રે) તેમણે પોતે જ પોતાનો વિડિયો રેકૉર્ડ કરીને ઈન્સ્ટાગ્રામ પર મૂક્યો. ફેસબુક પર પણ તે વિડિયો મૂકાયો હતો પરંતુ ફેસબુકમાં બેઠેલા ભારત વિરોધી તત્ત્વોએ ૨૮ જુલાઈએ આ વિડિયો ડિલીટ કરી નાખ્યો. અને સવારે પાંચ વાગે પુનઃસ્થાપિત કર્યો.

કોઈ કહી શકે કે આમાં શું ખાટું-મોળું થઈ ગયું? વિડિયો તો પાછો આવી ગયો ને? ના. આમાં તો બહુ ગડબડ થઈ જાય. કારણકે સૉશિયલ મીડિયામાં મહત્ત્વનું હોય છે તમે કયા સમયે વિડિયો મૂકો છો. કયા સમયે તમારો વિડિયો વધુ જોવાશે. જેન-ઝીના લોકો નિશાચર હોય છે. રાત્રે જ તેમની સવાર પડે. મોડી રાત સુધી અને ઘણી વાર તો સવાર-સવાર સુધી સ્ક્રૉલિંગ ચાલ્યા જ કરે. વડા પ્રધાન મોદીએ આ વાતને ધ્યાનમાં રાખીને જ રાત્રે બાર વાગે વિડિયો અપલૉડ કર્યો હતો. મોદીજીને ક્યારે કયો કાર્યક્રમ કરવો તેની બરાબર સમજ છે. મહત્ત્વની જાહેરાત (નૉટબંધી સ્મરણમાં છે ને?) રાત્રે આઠ વાગે કરવાની. કૃષિ કાયદા પાછા ખેંચવાની જાહેરાત સવારે નવ વાગે કરવાની. વિદેશમાં ભારતીય સમુદાયને સંબોધવાની વાત જેવો કાર્યક્રમ પણ શક્ય હોય ત્યાં સુધી ભારતમાં રાતના આઠથી રાતના બાર વાગ્યા સુધીમાં ગોઠવવાનો જેથી તેને ભારતના લોકો પણ જોઈ શકે.

અને એટલે મોદીજીના વિડિયોને આખી રાત દબાવી રાખો, અને વહેલી સવારે પાંચ વાગે રિલીઝ કરી દો, તેનો અર્થ તે દિવસ ખાલી ગયો. મોદીજીને જેન-ઝીને જે સંદેશો આપવો હતો તે આપી ન શક્યા. એ વાત અલગ છે કે લોકોએ સ્વયંભૂ કાં, તેને ડાઉનલૉડ કરીને વૉટ્સઍપથી લઈને અલગ-અલગ માધ્યમોમાં તેને ફેરવ્યો. પરંતુ એક દેશના વડા પ્રધાનના વિડિયો પર સેન્સરશિપ લાદવાનું કામ, કામ નહીં, ખરેખર તો દુસ્સાહસ મેટાના માર્ક ઝુકરબર્ગે કર્યું તે ગંભીર બાબત છે.

### વિચાર વલોણું



જયવંત પંડ્યા

છેલ્લાં કેટલાંક વર્ષોનો ઈતિહાસ બતાવે છે કે મેટા, ન માત્ર ભારત વિરોધી પરંતુ સભ્યતા વિરોધી બનતી ગઈ. અમેરિકામાં ૨૦૧૬માં પ્રમુખપદની થયેલી ચૂંટણીમાં એવા આક્ષેપો ફેસબુક પર લાગ્યા હતા કે તેણે ફેસબુકના ઉપભોક્તાઓનો ડેટા રાજકીય કંપની કેમ્બ્રિજ એનાલિટિકા સાથે મળીને આપી દીધો અને રશિયાથી જે અમેરિકાની ચૂંટણી સંદર્ભે દુષ્પ્રચાર ચલાવાયો તેને રોકવા કંઈ કર્યું નહીં.

ભારતમાં પણ ફેસબુકે નરેન્દ્ર મોદીને ૨૦૧૯ની ચૂંટણીમાં હરાવવા માટે કેમ્બ્રિજ એનાલિટિકાને સાથ આપ્યો હતો. આ વખતે કેમ્બ્રિજ એનાલિટિકાનો ગ્રાહક હતી કૉંગ્રેસ. ભારતનો બીજા ક્રમનો મુખ્ય રાજકીય પક્ષ ! માર્ચ ૨૦૧૮માં કેમ્બ્રિજ એનાલિટિકા સામે રહસ્યોદ્ઘાટિત કરનાર ક્રિસ્ટોફર વાઈલીએ યુકેની સંસદ સમક્ષ નિવેદન કરતા કહ્યું હતું કે ''તેમણે (કેમ્બ્રિજ એનાલિટિકા)એ ભારતમાં સઘન કામ કર્યું. તેમનું ભારતમાં કાર્યાલય હતું. હું માનું છું કે તેમની ગ્રાહક કૉંગ્રેસ હતી.'' વાઈલી કેમ્બ્રિજ એનાલિટિકામાં ડેટા એનાલિટિક્સ નિષ્ણાત તરીકે કામ કરતો હતો. એટલે કે તે ઈનસાઈડર હતો.

૨૦૧૮માં સ્થાનિક બાળકોની ચોક્કસ વિગતો સાથે બાળકોને ઉઠાવી જતી ગેંગ વિશે ઉપજાવી કાઢેલા સંદેશાઓ વૉટ્સઍપ પર ફરતા કરવામાં આવ્યા. ટોળાંઓ બાળક ચોરની શંકાએ લોકોને મારી નાખવા લાગ્યાં. અંદાજે ચોવીસેક લોકો તેનો ભોગ બન્યા જેમાં પાલઘરના નિર્દોષ સાધુઓ પણ હતા.

તે સમયે મોદી સરકારે ચેતવણી આપી હતી કે વૉટ્સઍપ તેના માટે કડક પગલાં લે. તે સમયે વૉટ્સઍપમાં કોઈ પણ સંદેશને ગમે તેટલા લોકોને અને ગમે તેટલા ગ્રૂપોમાં મોકલી શકાતા હતા, પરંતુ સરકારની ચેતવણી પછી વૉટ્સઍપે તેની સંખ્યા પાંચ કરી નાખી. પહેલાં સંદેશા પોતે મોકલે તોય નીચે ઘણા લખી નાખતા **Fwd As Rcvd**. જેમ મળ્યો તેમ જ ફૉરવર્ડ કર્યો. લોકો માની લેતા કે ખરેખર આ ફૉરવર્ડ કરાયેલો મેસેજ છે. પરંતુ ૨૦૧૮થી વૉટ્સઍપે પોતે જે સંદેશ ખરેખર ફૉરવર્ડ કરાયો હોય તેના પર **Frowarded** લખવાનું શરૂ કર્યું. જોકે સરકારે માગેલું કે વૉટ્સઍપ કંપની બાળ ચોરીની અફવા કોણે શરૂ કરી તેની માહિતી આપે, તે તો વૉટ્સઍપે (એટલે કે મેટાએ) આપી જ નહીં.

૨૦૧૯-૨૦માં એન્ક્રિપ્ટેડ મેસેજ ટ્રેસ કરવા માટેની માગણી વધી. સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સૉશિયલ મીડિયાની જવાબદેહી પર ભાર મૂક્યો અને ૨૦૨૧માં માહિતી ટૅક્નૉલૉજીના નિયમો ઘડ્યા. તે પછી મેટાને સ્થાનિક અનુપાલન અધિકારીઓ નિમવા પડ્યા અને ફરિયાદ નિવારણ પ્રણાલિ ગોઠવવી પડી. દર મહિને પારદર્શિતા અંગે અહેવાલો બહાર પાડવા પડ્યા. ૨૦૨૬ની શરૂઆતમાં, સરકારે તેને યોગ્ય ન લાગે તેવા વિડિયો અગાઉ ૩૬ કલાકની અવધિ હતી તેને ઘટાડીને ત્રણ કલાક કરતાં, ત્રણ કલાકની અંદર વિડિયો ડાઉન કરી દેવાનો નિયમ બનાવ્યો.

પરંતુ તમે જુઓ કે, ફેસબુકે પોતે ભારત જેવા વિશ્વમાં જેની એક સારી શાખ છે, જી-સાત દેશોમાં જેને બોલાવાય છે, જી-૨૦નું જે અધ્યક્ષ બને છે, યુક્રેઈન-રશિયા હોય કે ઈઝરાયેલ-હમાસ, અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન યુધ્ધ આ બધામાં જેને મધ્યસ્થી બનવા કહેવાય છે તેવા દેશ અને તેના વૈશ્વિક રીતે લોકપ્રિય વડા- નરેન્દ્ર મોદીનો વિડિયો જ હટાવી દીધો !

પહેલાં તો મેટાએ એટલે કે ઝુકરબર્ગે ૨૮ જુલાઈએ ખૂબ ઠંડકથી કહી દીધું કે એ તો ભૂલથી થઈ ગયું. બદાયૂંના બળાત્કારી છોકરાઓના બચાવમાં મુલાયમસિંહે જેમ કહ્યું હતું, ''લડકોં સે ગલતી હો જાતી હૈ''. પરંતુ મેટાએ એ વાત સિફતપૂર્વક ટાળી દીધી કે વિડિયોમાં ''લિગલ રિક્વેસ્ટ'' નૉટિસ લખેલી હતી. એટલે કે 'ક' નામની કોઈ વ્યક્તિએ 'ખ' નામની વિરુધ્ધ ખોટો વિડિયો બનાવ્યો હોય અને 'ખ'એ ફેસબુકને કાયદેસર વિનંતી કરી હોય કે મારી વિરુધ્ધનો આ વિડિયો હટાવી દો, તેવી વાત થઈ. પરંતુ વડા પ્રધાન મોદીના એ વિડિયોમાં કોઈને તકલીફ પડે તેમ હતું તો તે સીજેપી અને રાહુલ ગાંધી-અખિલેશ યાદવ આણિ મંડળીને હતું કારણકે મોદીજીએ તો તેમાં નીટ 'ગેસ પેપર લીક' અંગે કડક પગલાં લેવાની વાત સિવાય કોઈ રાજકીય કે બીજી કોઈ વાત નહોતી કરી. તો પછી કોઈ કાયદેસર વિનંતી શા માટે કરે? સીજેપી કે કૉંગ્રેસ-સપાની અથવા ડાબેરી ઈકૉ સિસ્ટમે લિગલ રિક્વેસ્ટ કરી હોય તો પણ ફેસબુકે તેનો આધાર તો જોવો જોઈએ ને. જોકે ફેસબુકે ચોખવટ કરી નથી કે તેને કોઈએ લિગલ રિક્વેસ્ટ કરી હતી કે કે કેમ.

એ પછી સંસદીય સમિતિએ ઝુકરબર્ગની ધૂળ કાઢી નાખતાં ચાર ઑગસ્ટે કહ્યું કે આમ, ટૅક્નિકલ કે અન્ય કોઈ ભૂલથી આ વિડિયો હટાવી લેવાયો છે, તેમ કહી છટકી જાવ તે ન ચાલે. માર્ક ઝુકરબર્ગે પોતે ક્ષમા માગવી પડશે. જો તેમ નહીં કરો તો ફેસબુકને આઈટી કાયદાની કલમ ૭૯ હેઠળ જે સેફ હાર્બર ઈમ્યૂનિટી મળેલી છે તે અમે ઉઠાવી લઈશું. સેફ હાર્બર ઈમ્યૂનિટી એટલે ફેસબુક-ઈન્સ્ટા કે વૉટ્સઍપ પર કોઈ દુષ્ટ વ્યક્તિ ગમે તેમ લખી નાખે, વિડિયો બનાવે, એઆઈ જનરેટેડ વિડિયો બનાવે તો તેઓ ઉત્તરદાયી ન ઠરે. તેમની સામે કેસ ન થઈ શકે.

જો આ રક્ષણ હટાવી લેવામાં આવે તો તો ફેસબુક, ઈન્સ્ટા અને વૉટ્સઍપ સામે કેસોની ભરમાર થઈ જાય. ભરમાર થાય એટલે કૉર્ટના ધક્કા ચાલુ થઈ જાય. અધિવક્તાઓના ખર્ચા કાઢવા પડે. ફેસબુક, ઈન્સ્ટા અને વૉટ્સઍપના કેસ લડવા વકીલો કંઈ સસ્તામાં તો તૈયાર ન જ થાય. એ ઉપરાંત, ભવિષ્યમાં આવું ન થાય તે માટે એક ટીમ રોકવી પડે તે અલગ. અને આવી સામગ્રી ઘટી જાય તો આ ત્રણેય મંચો પર લોકોની આવનજાવન, લોકોનો સમય બધું જ ઘટી જાય.

એટલે પાંચ ઑગસ્ટે મેટાના ચીફ ગ્લૉબલ અફૅર્સ ઑફિસર જોએલ કપ્લાન અને પબ્લિક પૉલિસીના વાઈસ પ્રેસિડેન્ટ નેઈલ પૉટ્સ મારતે વિમાને દિલ્લી આવ્યા અને આઈટી પ્રધાન અશ્વિની વૈષ્ણવને અને આઈટી સચિવ એસ. ક્રિષ્નનને મળ્યા. માર્ક ઝુકરબર્ગે પોતે લેખિતમાં ક્ષમા માગી. ક્ષમા માત્ર વડા પ્રધાન મોદીના વિડિયો સંદર્ભે નથી માગી. ચાઈલ્ડ પૉર્ન જેને અંગ્રેજમાં ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ (સીએસએએમ) કહે છે, તે, ડીપફૅક (એટલે કે એઆઈ જનરેટેડ ખોટા વિડિયો) અને કંપનીના સંચાલનમાં જે ઉણપો રહેલી છે તે બાબતે પણ ક્ષમા માગી છે. તેણે કહ્યું છે કે સીજેપીના આંદોલન અંગેની સામગ્રી પૈસા લઈ પ્રમૉટ કરી હતી. આના માટે વિશાળ રકમ ખર્ચવામાં આવી હતી.

એટલે આ મુદ્દાને માત્ર વડા પ્રધાન મોદીનો વિડિયો દબાવી દેવાથી ઉઠેલા પ્રશ્નો પૂરતો કે મેટાની અવળચંડાઈ પૂરતો સીમિત કરી ન દેશો. આ મુદ્દો પહેલી વાર આ કૉલમમાં આપણે નથી ઉઠાવી રહ્યા. સૉશિયલ મીડિયા અને ગૂગલ જેવા અનેક પ્લેટફૉર્મ ધરાવતી કંપની શૈતાન બની ચૂક્યા છે. (રાક્ષસ તો હજુય સારા હોય.) તેઓ વિશ્વની સભ્યતા માટે ભયજનક છે.

અમેરિકાની પોતાની વેબસાઈટ **wired.com** (ભારતની ડાબેરી વેબસાઈટ **wire** જુદી) પર એક અહેવાલ છે, તે વાંચો. આ અહેવાલ પાંચ ઑગસ્ટ ૨૦૨૬નો છે. તે લખે છે:

''છેલ્લા નવ મહિનાથી માર્ક ઝુકરબર્ગની મેટાએ ડઝનેક એવી પેઈડ જાહેરખબરો ચલાવી છે જે ખૂબ જ ગંદી- એઆઈ જનરેટેડ બાળ પૉર્ન સામગ્રી ધરાવતી હતી. આ જાહેરખબરો હજારો ખાતાંઓ સુધી પહોંચી. તેનો ટાર્ગેટ અમેરિકા, યૂકે, અને બીજા ડઝનેક યુરોપીય દેશો હતા.'' વાયર્ડ અમેરિકાની વેબસાઈટ છે એટલે તેણે ધોળિયા દેશોનાં જ નામો લીધાં છે, પરંતુ તેનું લક્ષ્ય ભારત પણ હતું જ. બીબીસીએ ૩ જુલાઈએ ઈન્સ્ટાગ્રામ પર સીએએસએમની ઍડ ભારતમાં ચલાવાઈ હોવાનો અહેવાલ રજૂ કર્યો હતો.

પરંતુ અગાઉ કહ્યા પ્રમાણે, આ મેટાની જ વાત નથી. સ્નેપચેટ, ટિન્ડર, તાજેતરમાં સીજેપીના આંદોલનમાં જે ઍપનો ઉપયોગ થયો તે બિટચેટ, અને સૌથી વધુ તો ગૂગલની પણ વાત છે. ગૂગલની પોતાની અનેક ઍપ છે. ગૂગલ, જીમેઈલ, મીટ, ડૉક્સ, મેપ, જીડ્રાઈવપ આ બધામાં સૌથી વધુ ચિંતાજનક તો એ છે કે સ્માર્ટફૉન આવ્યા ત્યારથી તમારે સ્માર્ટ ફૉનમાં લૉગ ઈન થવા જીમેઈલ સાથે તેને જોડવું જ પડે.

આજે અનેક ઍપ અને વેબસાઈટ છે જેમાં તમારે સાઈન ઈન કરવા કાં તો તેને જીમેઈલ સાથે અથવા ફેસબુક સાથે જોડવું ફરજિયાત છે. વિવોથી માંડીને રેડમી, શાઓમી, ઑપ્પો જેવા ચાઈનીઝ ફૉનમાં તો એસએમએસની ઍપ અને ફાઈલ મેનેજરની ઍપ પણ ગૂગલની છે. અને તેમાંય જેમિની એઆઈ જોડાયેલું છે. ગૂગલ સર્ચમાં તમને એકલી ડાબેરી તરફી સામગ્રી જ જોવા મળે છે. સમાચારમાં ડાબેરી ન્યૂઝ વેબસાઈટો જ બતાવે છે. ફૉક્સ ન્યૂઝથી લઈને ભારતનાં નાનાં છાપાં, નાનાં સાપ્તાહિકો, નવાં ડિજિટલ પૉર્ટલ, ઑપ ઈણ્ડિયા, ટીએફઆઈ પૉસ્ટ, પાંચજન્ય, ઑર્ગેનાઈઝર, સાધના સાપ્તાહિક જેવાં રાષ્ટ્રવાદી માધ્યમો તે દેખાડતું નથી. તમને તેમાં જિહાદ અંગે કે એલજીબીટીક્યૂ દ્વારા ફેલાવાતા ત્રાસ અંગે કોઈ સામગ્રી નહીં મળે. તેનું જેમિની એઆઈ પણ એ જ રીતે ડિઝાઈન કરાયેલું છે.

આ બધામાં શિરમોર છે- ગૂગલ ઍક્ટિવિટી. તે તમે ઑનલાઈન જે પણ કરો છો તેનો ઈતિહાસ રાખે છે. તમે ગૂગલ (સર્ચ એન્જિન)માં શું શોધ્યું, યુટ્યૂબમાં શું શોધ્યું, મેપમાં તમે શું શોધ્યું, તમે ક્યાં ગયા, કયા વિડિયો કેટલો સમય જોયા, સંગીતમાં શું સાંભળ્યુંપઆ બધી માહિતી રાખે છે. એટલું જ નહીં, તેનું આલ્ગૉરિધમ એટલું સૉલિડ છે કે યુટ્યૂબમાં તમે અમુક સમયથી વધુ જુઓ તો વિડિયો અટકી જશે અને પૂછશે કે તમે હજુ પણ જુઓ છો? ફેસબુક રીલ કે યુટ્યૂબના વિડિયોમાં તમે જોતા-જોતા અટકી ગયા અને પાછા તેમાં ગયા તો તમને પૂછશે કે શરૂથી જોવો છે કે જ્યાં અટક્યા હતા ત્યાંથી? આ બધું કેવી રીતે શક્ય છે?

આ પ્લેટફૉર્મ માત્ર તમે ઑનલાઈન ટાઈપ કરો છો કે બોલીને સર્ચ કરો છો તેની જ નોંધ નથી લેતા, પરંતુ તમે ફૉનમાં વાત કરો, તમે અંદરોઅંદર ફિઝિકલી વાત કરો તો તે પણ તે સાંભળે છે કારણકે તમે તેને આટલી પરવાનગી આપેલી છે- કૉન્ટેક્ટ ઍક્સેસ કરવાની, તમારા કૉલ મેનેજ કરવાની, તમારા એસએમએસ વાંચવાની અને વેરિફાય કરવાની અને તમારી ફાઈલો જેમાં પીડીએફથી માંડીને ફોટા તેમજ વિડિયો છે. એટલે તમે અંદરોઅંદર કોઈ વ્યક્તિ વિશે વાત કરતા હો તો તમને થોડી જ વારમાં જ્યારે તમે ફેસબુક ખોલો તો તે વ્યક્તિને ફ્રેન્ડ તરીકે ઉમેરો તેવું સૂચન તે મોકલી દેશે. તમે એમેઝૉનમાં કંઈ શોધ્યું હોય તો તે પ્રૉડક્ટની બીજી કંપનીઓની જાહેરખબર તમને ફેસબુક કે ગૂગલમાં દેખાવા લાગશે. આનો અર્થ એ થયો કે આ કંપનીઓ એકબીજામાં શું શોધાય છે તેની જાણકારી રાખે છે અથવા ઈન્ટરલિંક્ડ છે.

આ બધાના કારણે ઉપભોક્તાની કોઈ પ્રાઈવસી રહેતી નથી. એમાંય એલેક્સા જેવા વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ તો ઓર ભયજનક છે. સૉશિયલ મીડિયાના પ્લેટફૉર્મ નવી પેઢીના મોટા વર્ગને બગાડી ચૂક્યા છે, જે આપણે સીજેપીના આંદોલનમાં જોઈ લીધું. અને જૂની પેઢીના ઘણા લોકોને રીલ બનાવવાના ચક્કરમાં બગડી ચૂક્યા છે. અત્યારે બરાબર તક છે. મેટા ફસાયું છે. ત્યારે સરકારે માત્ર મેટા જ નહીં, આ બધા ઑનલાઈન પ્લેટફૉર્મને કડક નિયંત્રણો હેઠળ લેવાં જ જોઈએ. ■

jaywant.pandya@gmail.com

## સ્મશાને નનામીમાંથી માણસ બેઠો થઈ જાય તો સૌથી પહેલાં ક્યો પ્રશ્ન પૂછે ?

(૧)ફ્રેન્ડશિપ ડે પર કેટલી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી?

દર્શન પટેલ (વડોદરા)

ત્રણ મિત્રોએ બ્લોક કર્યો!

(૨)વરસાદ આવી ગયા પછી ગારો જતો નથી તો શું કરવું જોઇએ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ગારા હોય ત્યાં સુધી બારા ન નીકળાય.

(૩)જાગ્યા ત્યારથી સવાર તો પછી ઊઠ્યા ત્યારથી?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

ઉપાધિ.

((૪) શું નીટની પરીક્ષા જેમ તમારા જવાબ પણ ફૂટી જાય છે?

રમાબેન પટેલ (અમદાવાદ)

તમે ઝેન જી લાગો છો બેનજી!

(૫)તમારી કૉલમ રવિવારે જ કેમ આવે છે? શું બીજા કોઈ વારે હસવાની મનાઈ છે?

મેહુલ જોષી (મહિસાગર)

એવું નથી સાહેબ, રવિવારે વાંચી લીધા પછી ઘણાને આખું અઠવાડિયું હસવું આવે છે, બાકીનાને જવાબ સમજવામાં અઠવાડિયું લાગે છે!

(૬)આદુ સુકાઈ જાય તો તેનું નામ કેમ બદલાઈ જાય છે ?

જીગર યાદવ (દાત્રાણા-પાટણ)

સુકાઈ જાય એના નામ તો શું આ સમાજ સરનામા પણ બદલી નાખે છે ભાઈ!

### હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે

૯૫૭૪૩૭૪૪૫૩

(૭) દરિયામાં ગોળ નાખવાથી દરિયો મીઠો થાય?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

દરિયો દરિયો જ રહે એ ગોળ કે ચોરસ ન થાય.

(૮) વરસાદમાં ઘરે નવરા બેઠા શું કરાય એ જણાવશો?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

નિશાળમાં તમારા સાહેબે કાગળિયાની હોડી બનાવતા નથી શીખવાડ્યું?

(૯)આપ જે આટલા હાસ્ય સાથે રહો છો, શું ખરેખર હાસ્ય સાથે રહો છો?

તન્વીબેન કાસુંદ્રા (દ્વારકા)

હું હાસ્ય સાથે નથી રહેતો હાસ્ય મારી સાથે રહે છે.

(૧૦)બેંકવાળા પેન કેમ બાંધીને રાખતા હશે?

ધાનાણી ચાંદની મયંક (અમદાવાદ)

લોનની જેમ ઘણા ગ્રાહકો પેન પણ પાછી નથી આપતા એટલા માટે.

(૧૧)સાહેબ! પતિપત્નીના ઝઘડા વાસ્તવિક છે, એ ખબર કેમ પડે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

બેમાંથી એક આખો દિવસ બહાર ઓટે બેઠા રહે તો સમજી લેવાનું.

(૧૨)પત્ની કહ્યું ના માને તો શું કરવું?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

એના પતિને ફરિયાદ કરો.

(૧૩)તમે શ્રાવણમાં ઉપવાસ કરવાનાં છો?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

તમે મને ફરાળ મોકલવાના છો?

(૧૪)સ્મશાને નનામીમાંથી માણસ બેઠો થઈ જાય તો સૌથી પહેલાં ક્યો પ્રશ્ન પૂછે ?

કનુભાઈ પરમાર (દામનગર)

મારો મોબાઈલ કોની પાસે છે?

(૧૫)મેં સાંભળ્યું છે કે,'હાસ્યાય નમઃ'ના પ્રશ્નો પણ ફૂટી જાય છે,એ સાચું છે?

સતીશભાઈ જે. દવે (અમરેલી)

અત્યારે તમે અમરેલી છો કે જંતરમંતર?! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## સ્વતંત્રતા અને બોલવા લખવાનો વિવેક - કારણકે શબ્દ ખૂબ લાંબુ જીવે છે

### રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

આજકાલ સોશ્યલ મીડિયામા લખવાની, વિચારો વ્યક્ત કરવાની, બીજાના વિચારો સાથે સહમત કે અસહમત થવાની પ્રથા ચેપી રોગની જેમ ફેલાતી જાય છે. બંધારણે આપેલ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર હેઠળ લોકો લખે છે, અભિવ્યક્તિ કરે છે, પ્રતિભાવ આપે છે, શેર કરે છે. પ્રતિભાવ આપવાનું, વિચાર વ્યક્ત કરવાનું, વિરોધ કરવાનું, અફવા ફેલાવવાનું, પોતાની માનસિક બીમારી જાહેર કરવાનું એક ખૂબ મોટું ફલક સાઈઠ રૂપિયા ભરવાથી એક મહિનો સુધી મળી રહેવા માંડ્યું છે. સો રૂપિયા ભરો એટલે બીજાને ૧ જી.બી. જેટલી ગાળો દેવાની સ્વતંત્રતા મળે છે. અને અમર્યાદિત ગાળો દેવાનો ભાવ કદાચ અઢીસો કે ત્રણસો રૂપિયા પ્રતિમાહ ચાલી રહ્યો છે. અપ્રત્યક્ષ રીતે તમે આખી દુનિયાને ભાંડી શકો છો. જેની પાસે **KB** માં પોતાના વિચારો નથી એની પાસે **GB** માં વિચારો વ્યક્ત કરવાની, શાપ આપવાની, ઉછીના સુવિચારો સવારમાં બીજાના લમણે મારવાની જગ્યા ઉપલબ્ધ છે. ગુજરાતીમાં તકરારને જીભાજોડી જેવા શબ્દથી નવાજવામાં આવ્યો છે. આજે જીભાજોડીની જગ્યાએ ફોનાજોડી જેવો શબ્દ વાપરી શકાય એમ છે. સારી બાબતને ફેલાતા વાર લાગે છે પણ ખરાબ અને ખોટી વાત જંગલની આગની જેમ ફેલાય જાય છે એ લાઈન પર અફવાઓ ફેલાવવામાં આ મધ્યમની ઝડપ ભયંકર છે. ખોટો અને ખરાબ વિચાર કે વાત એક દિવસમાં તો આખા હિન્દુસ્તાનમાં ફેલાઈ શકે છે. પછી જે તે સંદર્ભિત જગ્યાએ ઈન્ટરનેટ બંધ કરીને પરિસ્થિતિ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ચૂંટણી ટાણે, તહેવારો કે સભા સરઘસોના સમયે બંદોબસ્ત ગોઠવવાની સાથે સાથે નેટ પણ બંધ કરવું પડે છે કારણકે એક ચોક્કસ વર્ગ આવા સમયે પોતાની ગટર છાપ માનસિકતા લઈને સોશ્યલ મીડિયા પર ઉતરી પડે છે અને ગટરમાંથી મ્હોં કાઢીને છીંકતું અને આળોટતું ભૂંડ જેમ સડક અને આજુબાજુનું વાતાવરણ ખરાબ કરે એમ સારા વાતાવરણને કલુષિત કરી મુકે છે. જ્ઞાતી, જાતિ, સમાજ, વર્ગ વચ્ચે સહઅસ્તિત્વનો નકાર સમાજને સુક્ષ્મ વિભાજન તરફ દોરી જાય છે. અને આ બાબતના છાસવારે અનુભવ હવે આમ નાગરિકને થવા લાગ્યા છે. વારેવારે મહાનુભાવોને મૃત ઘોષિત કરીને બીજા દિવસે જીવતા કરવાની એક કુત્સિત માનસિકતા ગેંગરીનની જેમ વકરતી જાય છે. આંકડાઓમાં છેડછાડ કરીને, ફોટાઓ મોર્ફ કરીને ગમે એની પાઘડી ઉછાળવામાં આવે છે. સામાન્ય રીતે કુતરો કૂતરાની ભાષા, કાગડો કાગડાની અને ઝરખ ઝરખની ભાષા સમજે છે, પણ અહી કુતરો, કાગડો અને ઝરખ પોતાની ભાષા હાથી, સિંહ, ઘોડો અને મોર પણ સમજી જાય એવી જબરદસ્તી સેવે છે. આ બધી બાબતો કરતી વખતે ઘણી વખત વિવેકચૂક થાય છે. ફોરવર્ડ કરેલા ફોટાઓ અને આંકડાઓની ભરમાર ચાલી છે. આ બધાનું કારણ એ છે કે અત્યંત ઝડપે વિકસી ગયેલી આ શાનદાર સુવિધા એક જહાજના કાગડાની માનસિકતા ધરાવતા વર્ગના હાથમાં પણ જઈ પડી છે કે જેને ઉડીને દુર તો જવું છે પણ બેસવા માટે બીજી ડાળ કે આધાર નથી.

ભાષા શીખવાના બે માધ્યમ છે, આંખ અને કાન, દ્રષ્ટિ અને શ્રવણ. સોશ્યલ મીડિયા બંનેનું એક સાંયોજ્ય છે, ત્યાં સાંભળીને જોઈને શીખી શકાય છે, અને શબ્દોનું આયુષ્ય માનવજાત કરતા ઘણું લાંબુ હોવાનો ઈતિહાસ છે. તમે જે લખો છો વ્યક્ત કરો છો, બોલો છો એ તમારા કરતા વધારે જીવે છે. સારા શબ્દો સારું જીવે છે, નઠારા જીવે છે પણ નરકની કક્ષાએ જીવે છે. બધું નઠારું છે એમ કહેવાનો સહેજ પણ ઈરાદો નથી. સારાપણાની ભરમાર પડી છે. જો સારું શીખવું હોય તો ઉત્તમ જ્ઞાનની દુનિયાનો દરવાજો પણ ખુલ્લો જ છે. માત્ર એક શબ્દ સર્ચ એન્જીનમા તરતો મુકો તો લાખોની સંખ્યામાં અનુસંધાનો પ્રાપ્ત થાય છે. એમાં ખાંખાખોળા કરીને લખો કરોડો રૂપિયાનું ઉપાર્જન કરી શકાય છે એના ઘણા ઉદાહરણો મોજુદ છે અને નવાનવા આવતા રહે છે. સવાલ એ છે કે તમે કઈ બાજુની બારી ખોલો છો, ગટર બાજુની કે ઝરણા બાજુની. માનસરોવરના હંસની જેમ દૂધ પી અને પાણીને તારવી જવાની હંસવૃતિ જેની પાસે હશે એ આ માહિતીના યુગનો સફળ માણસ થઈ શકશે. જેણે પોતાની વિવેકબુધ્ધિને કામે લગાડીને ગંધ અને સુગંધનો તાત્વિક ભેદ પારખી લીધો છે એને પેલું ભજનોમાં કહ્યું એમ તંબુરાનો તાર મળી ગયો છે.

અમર બની ગયેલા શબ્દો, વિચારો, અભિવ્યક્તિ શું હતા ? એ લેખક, વિચારક કે દાર્શનિકની આંગળીઓ અને અંગુઠો, ફેફસા અને શ્વાસનળી તોડીને ટપકેલ વેદના, વિચાર, ઉપદેશ કે જ્ઞાન છે, મહાનુભાવોએ મોઢેથી કહેલ શબ્દો એની જિંદગીના અનુભવોના નીચોડરૂપે કહેલ અર્ક છે. ટાગોરે તાજમહેલ જોઈને પ્રતિભાવ આપ્યો, "શાહજહાં ના આંસુ સંગેમરમર બનીને થીજી ગયા છે.." આવી ભાવાંજલિ તાજને આજદિન પર્યંત નથી મળી. મેઘાણીએ " કોઈનો લાડકવાયો...." લખ્યું, " રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે..." લખ્યું, "કસુંબીનો રંગ લખ્યું..." શબ્દોની સાથે મેઘાણી અમર બની ગયા. લિંકને આપેલી લોકશાહીની વ્યાખ્યા, બર્નાર્ડ શોના વીલના શબ્દો "બેટર સુનર ફરગોટન", દગો ખાધા બાદના જુલિયસ સીઝરના શબ્દો " યુ ટુ બ્રુટસ ?", માર્ટીન લ્યુથર કિંગના એ ઐતિહાસિક સંબોધનના શબ્દો, પંડિત નહેરુએ ઓલ ઈન્ડિયા રેડિયો પર બાપુને આપેલ શબ્દાંજલિના શબ્દો " આપણા જીવનમાંથી પ્રકાશ ચાલ્યો ગયો છે....", આવા તો અનેકો ઉદાહરણો આપી શકાય એવા શબ્દો આજે પણ અમર છે અને રહેવાના. કારણ કે આ શબ્દોને અમરત્વ બક્ષે એવું શબ્દ મહીં જ પડ્યું છે.

ક્વિક નોટ = ગાંધીજી ને ગોળી વાગી અને બાપુના છેલ્લા શબ્દો હતા " હે રામ ", બાપુ જેવું જીવ્યા હતા એવા અંતિમ ઉદગાર એમની જીભે આવી ગયા. પાકિસ્તાનના પહેલા વડાપ્રધાન લિયાકત અલીખાનને ગોળી વાગી અને લિયાકત અલીખાનના છેલ્લા શબ્દો હતા " ગોલી લગ ગઈ...". હિન્દુસ્તાન આજે "હે રામ" અને "ગોલી લગ ગઈ" વચ્ચે અસમંજસમાં છે. ■

production@infiniumpharmachem.com

# એક સ્ત્રીની મુલાકાત




લઘુનવલકથા
યોગેશ પંડ્યા

જે.કે. આગળ ચાલતાં ચાલતાં અટકી ગયો. સૂમસામ રેલવે સ્ટેશન, એક-બે કૂલી, પેસેન્જરોની પાંખી હાજરી, દૂર એક ઝાંખો પાંખો બળતો સ્ટેશન માસ્ટરની રૂમનો લૅમ્પ, આ તરફ વૃધ્ધ ભિખારીઓ અને ભિખારણોનો ખાંસવાનો અવાજ !

નાનકડું એવું છેવાડાનું સ્ટેશન. હવે હમણાં જ સાડાચારે 'મધ્યપ્રદેશ ઍક્સપ્રેસ' ઊપડશે ની ધારણાથી સ્ટેશનના સામેના છેડેના પ્લૅટફૉર્મ ઉપર સૂતેલો અને હમણાં જ જાગી ગયેલો 'ટી-સ્ટોલ'નો માલિક નંદુરામ ! પરંતુ આ બધા વચ્ચે, આવી મેઘલી રાતના ત્રીજા પ્રહરે આ બાંકડા પર બેઠેલી એકાકી સ્ત્રી !

જે.કે.ને નવાઈ લાગી. એને ક્યાંય બહારગામ જવું હશે કે પછી અમસ્તી જ બેઠી હશે? સરસામાન તો, આમ કશો લાગતો નથી. એક વિચારનું વાવાઝોડું તેના માનસપટ પર ફુંકાઈ ગયું જાણે! એ આગળ ચાલ્યો પરફ્યુમ્સની આછી ગંધ તેના શ્વાસોશ્વાસમાં ભરાઈ આવી. હવે તે આગળ વધ્યો. તે સ્ત્રીની પીઠ જે.કે. તરફ હતી. તેણે બંગાળી ઢબે સાડી ઓઢી હતી. સાડીનો પલ્લું એક બાજુ ઢળી ગયો હતો.

અચાનક છાંટા પડવા લાગ્યા. જે.કે.એ આકાશ તરફ નજર કરી. ગોરંભો બરાબરનો જામ્યો હતો. વરસાદ ખાંગો થાય એટલી વાર હતી. અષાઢીલો મેઘ ! જે.કે. કવિ દિલ હતો. વરસાદની મોસમ તેને ખૂબ ગમતી હતી, એવી જ પત્ની !

પણ એવી પત્ની ક્યાં પોતાના નસીબમાં હતી? હતી તો 'કાલિકા કાજલ' !! કાજલની યાદ આવતાં જ તેને થયું કે સાલ્લુ ! તેનામાં પતિવ્રતા જેવી કોઈ ચીજ જ નથી. પોતે આખો દિવસનો રઝળપાટ કરતો કરતો બે રૂપિયા કમાઈને ઘેર આવે છે. અપેક્ષા છે કે પત્ની હમણાં જ પાણીનો ગ્લાસ લઈને આવશે, ચા બનાવી લાવશે. પ્રેમની વાતો કરશે. રાત પડશે પણ ઉફ્ફ ! સગાઈ પછી સેવેલા યૌવન સહજ શમણાં હવામાં જ ઓગળી ગયા.

આ પણ કોઈની પત્ની લાગે છે. જે.કે. એ બે ડગલાં ભર્યા. પેલીનો ચહેરો તો સ્પષ્ટ દેખાતો નહોતો પણ સાઈડ ફેઈસ ઉપરથી લાગ્યું કે છે તો નમણી ! એના ડોકનો વળાંક પણ સુંદર લાગે છે.

વરસાદ ધોધમાર તૂટી પડ્યો. જે.કે. આગળ આવ્યો. વરસાદથી ભીંજાય તો હવે પોતાના નરમ દિલને શરદી થઈ જાય છે. પંદર દિવસથી ઉધરસ થઈ ગઈ છે પણ ઉફ્ફ ! કાજલે કદીય સૂંઠ-આદુંવાળી ચા કે હળદરવાળું દૂધ બનાવી દીધું નથી અને હવે ?

આ છેલ્લી રાત છે. જિંદગીની ! કાલ છાપામાં આવશે. 'વહેલી સવારે ઉપડતી એમ.પી. ઍક્સપ્રેસ નીચે ઝંપલાવીને એક યુવાનનો આપઘાત.'

કૉલેજકાળમાં મેઘાને તે બહુ ગમતો. પોતાના બર્થ-ડે ઉપર મેઘાએ એક કાર્ડ મોકલેલું. પ્રેમ-બ્રેમ શું છે એવી તો ખબર જ ક્યાં પડતી હતી! પણ મેઘાએ મોકલાવેલા ઈઝહાર પછી લાગ્યું કે સાલુ ! જિંદગી જીવવા જેવી ચીજ છે પણ... પછી તો ન આવી હાથમાં મેઘા કે ન આવી રેખા! કાજલની કાળાશ હસ્તરેખામાં ચિતરાઈ ગઈ.

જે.કે. બૅન્ચ પર આવીને બેઠો. સિગારેટ રેલવેસ્ટેશન જેમ ચૂપચાપ સળગી રહી. પેલી સ્ત્રીએ એક તરફના સાઈડ ફેસને રૂમાલ વડે ઢાંકીને આ તરફ જોયું. જે.કે. ચમકી ગયો. પેલી સ્ત્રી હસીને બોલી, 'ગાડીમાં જવું છે ?'

'ના... ના... હું તો બસ અમસ્તો જ...' જે.કે. તતપપ થઈ ગયો. 'કે પછી ભાગી છૂટવું છે પત્નીના ત્રાસથી?' પેલી બોલી અને જે.કે.ના દેહમાં ધરતીકંપ આવી ગયો. ઓહ નો... આ કોણ ? તે મનમાં જ બોલ્યો. કે પેલીએ કહ્યું, 'ભાગી ભાગીને ક્યાં જશો ? બધેય આ જ પીંજણ છે. લખચોરાસીના ફેરા ફર્યે રાખો.'

'શું કરું ?' જે.કે.ના દિલના દરવાજા અનાયાસે કડેડાટ કરતાં ખૂલી ગયા. પણ શું કરું ? કેમ કે હવે તો ત્રાસી ગયો છું. કેવાં કેવાં સપનાં સેવ્યાં હતાં, પણ બધું જ ખતમ !

'પણ તમારે જીવવાનું છે. તમારા સંતાનોના ખાતર. એમની અપેક્ષા જીવન, લાગણી, પ્યાર અને જીવન ખાતર...'

'પણ હવે તો મને એમ થાય છે કે...' જે.કે. આગળ બોલે એ પહેલાં તે આવી.

જે.કે.એ તેનો ચહેરો જોયો. સુંદર હતો. લવ એટ ફર્સ્ટ સાઈટ જેવું થયું. ઝાંખા પ્રકાશમાં કૈંક અંશે પરિચિત લાગ્યો.

'આ સિગારેટ ફેંકી દો. તમારી તબિયત માટે હાનિકારક છે. તમારે શરદીનો કોઠો છે.'

'ઓહ માય ગોડ...' જે.કે. ને થયું આ સ્ત્રી જાદુગર લાગે છે... અને મને તો જાણતી પણ લાગે છે. પણ પેલીએ સિગારેટ ફેંકાવી દીધી.

'ચાલો...' પેલીએ કહ્યું.

'પણ ક્યાં ?'

'મારા ઘરે.'

'પણ ત્યાં શું છે!' જે.કે. ઊભો થયો. ત્યાં જ પેલીએ હાથ પકડયો. જે.કે.ના દેહમાં મીઠી કંપારી છૂટી ગઈ અને અવશપણે પેલીની પાછળ ઘસડાયો. અડધી કલાક જેવું ચાલ્યા અને એક શેરીમાંથી તેઓ ફંટાયા. છેવાડે એક જૂનું ઘર આવ્યું. પેલીએ દરવાજો ખોલ્યો...

પણ અંદર પગ મૂકતાં જ જે.કે. પાછો હટી ગયો.

'અરે, અંદર આવો. આવો, મુંઝાવ નહીં.'

'નહીં... નહીં... રહેવા દો. હું નહીં આવી શકું.'

'અરે આવો ને યાર...'' પેલીએ હાથ પકડીને જે.કે. ને ખેંચ્યો. જે.કે. હાથ છોડાવતા ધ્રુજતા અવાજે બોલ્યો, 'પ્લીઝ, છોડી દો. હું ગ્રાહક નથી.'

'ઓહ... તો તમને ખબર પડી ગઈ ?'

'હા, અને હું મારું નામ બદનામ થાય એવું ઈચ્છતો નથી. સમાજમાં મારું નામ છે.'

'હા...'' પેલી હસી. 'તમારું નામ છે જ એની ક્યાં હું ના પાડું છું ? અને તમને બદનામ કરવાની મારી ઈચ્છાય નથી. આ તો તમે રેલવેસ્ટેશનમાં જે ઉદ્દેશથી આવ્યા હતા એ ઉદ્દેશ તમારા હલનચલનથી, તમારા વાણી-વિચાર-વર્તનથી, તમારી બોડી લૅંગ્વેજથી અને તમારા હાવભાવથી છતો થઈ જતો હતો, કે તમે હવે શું કરવા જઈ રહ્યા છો ??'

'ઓહ નો...' જે.કે. આંચકો ખાઈ ગયો.

'અને એટલે જ મેં તમને ત્યાંથી ખસેડયા પણ, અહીં જેવા તમે ધારો છો તેવો કોઈ ઉદ્દેશ સાથે લાવી નથી. તમે બેસો. ડરો નહીં અને મુંઝાવ પણ નહીં. તમારા દિલને શાંતિ થઈ જાય. તમારા બળબળતા કાળજાને ઠંડક મળે એવા મારા પ્રયાસો હશે.'

જે..કે. પલંગ પર બેઠો. પેલી સફેદ-બ્લ્યૂ કલરનું આછું રેશમીજે ગાઉન પહેરીને આવી. જે.કે. માટે લૂંગી અને ટી-શર્ટ લાવી.

(વધુ આવતા અંકે)

# તમે પુરુષ થઈને આમ આટલા બધા ગભરાવ છો શું કામ?



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

એક મોટા થેલામાં કપડાં વગેરે જેમ-તેમ લઈને દામલ અને શાંતુ ગાડીમાં ગોઠવાયાં. ડ્રાઈવરની સીટ પર સરપંચ ગોઠવાયા. ગાડી ચાલુ થઈ અને ધીમે ધીમે ચાલવા પણ લાગી. કમળાપુરમાં દામલના ઘરથી થોડે છેટે ક્વાટ ઊભી રાખી સરપંચે સાવ ધીરેથી દામલને કહ્યું: "હવે તમારે બંનેને ખૂબ જ હિંમત રાખીને ઘરે પહોંચવાનું છે, બરાબર..."

દામલએ જોયું તો તેના ઘરના દરવાજા પાસે ઘણાબધા માણસો એકત્ર થયેલા હતા, માનો કે એક મોટું ટોળું જ. એટલે દામલને મનમાં જે શંકા હતી તે સાચી હોય શકે. બા... કદાચ...

તો પણ શાંતુની સાથે દામલ ધીમે ધીમે ચાલતો ઘરના દરવાજા પાસે પહોંચતાં જ ઊભી થયેલી પરિસ્થિતિને પામી જતાં હવે તે સાવ જ પડી ભાંગ્યો. એનું હૈયું હાથમાં ન રહ્યું. પછી તો આપ મેળે જ અંદર દાખલ થતાંની સાથે તેની આંખોમાંથી એકધારા આંસુ વહેવા લાગ્યાં.

બા...ની પવિત્ર એવી કાયા તો એમ જ હસતું વદન રાખી સુનમૂન સૂતી હતી. ને દામલ તો સાવ ઢગલો થઈને બાને વળગી પડી રડવા જ લાગ્યો. શાંતુ પણ ખૂબ ખૂબ રડી. છાનાં છાનાં હુસકાં ભરતાં ભરતાં દામલ હવે બા...ના નિશ્ચેત દેહને નજર સામે રાખી... એકટશે જોઈ જ રહ્યો. તેના મગજમાં અસંખ્ય વિચારો આવવા લાગ્યા.

પ્રારબ્ધના આધારે શરીરનાં નવ દ્વારમાંથી કોઈપણ એક દ્વારના માર્ગમાંથી પ્રાણ એટલે કે ધ્રુવ સૂક્ષ્મ શરીર સાથે બહાર નીકળીને અનંતમાં ચાલ્યો જાય છે. જેવો ધ્રુવ શરીરમાંથી બહાર નીકળે એ સમયે ત્યાં પડી રહેલી કાયા કહેતા એ શરીરને મૃત કહેવાય છે. એ માનવ શરીરને ફક્ત શબ કહેવાય છે.

બા...નો પવિત્ર આત્મા આ શરીર છોડીને ચાલ્યો ગયો છે. હવે તેમનું સ્થૂળ શરીર એમ ને એમ પડ્યું રહ્યું છે. બા...ની દૈહિક રચના એવી હતી કે, જીવ ભલે ચાલ્યો ગયો હોય તો પણ એમ લાગતું કે... હમણાં જ તેઓ કંઈક બોલશે, પરંતુ આ સત્ય ન હતું. સત્ય એ હતું કે બા... મૃત્યુ પામ્યાં છે.

આમેય તે માનવ શરીર નશ્વર હોવાથી તેનું અસ્તિત્વ, તેનો જન્મ, તેની વૃધ્ધિ, તેનો ક્ષય અને છેલ્લે પરિણામ એટલે કે નાશ જરૂરને જરૂર થાય જ છે. નાશ થતાં જ આ મૃત્યુ પામેલ સ્વજનના નામ આગળ સ્વ. શબ્દ જોડાઈ જાય છે.

હિંદુઓના જન્મથી મૃત્યુ પર્યંપ્ત સોળ સંસ્કારોમાંનો એક સંસ્કાર એટલે અંતિમ સંસ્કાર છે. તેમાં મૃતદેહને વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. વળી આમાં અસ્થિ વિસર્જનનો પણ સમાવેશ થાય છે.

આ ધરતી પર અગણિત માનવ જાતિમાં મૃત્યુ વિશેની માન્યતા અને રૂઢિઓ અકળ રીતે પ્રવર્તતી જોવા મળે છે. મૃત્યુ પામેલ માનવ શરીર એટલે કે શબના નિકાલ અને અનેક પરંપરાઓ પાછળ માનસિક અને સામાજિક સંદર્ભો પણ રહેલા હોય છે.

સાવ અંગત કુટુંબીજનો અને આપ્તજનો મૃત્યુ પામનાર વ્યક્તિના વિયોગનો ઊંડો આઘાત અનુભવે છે. પરંતુ મૃત્યુ તો એક અનિવાર્ય ઘટના જ છે. તેથી તો આ લોકથી પરલોકની યાત્રામાં જીવને સ્પષ્ટ રીતે મુક્તિ મળે તેવી ભાવનાથી સંયેષ્ઠી એટલે કે અંતિમ સંસ્કાર કરવામાં આવે છે.

અંગત સ્વજનો અને આસપાસ રહેતી બહેનો સાથે રહીને ઈશ્વરનું નામ સ્મરણ કરતાં કરતાં શાંતિથી બા...ના શરીરને સ્નાન કરાવવાના કામે લાગી ગઈ. બાના મૃતદેહને વ્યવસ્થિત રીતે કોરાં વસ્ત્રોમાં લપેટાયો. જમીન પર ગાયના છાણનું લીંપણ કર્યા પછી ત્યાં બા ના શબને સુવાડવામાં આવ્યું. આમ આ રીતે રોકાણનું કામ પૂરું થયું. ઉત્તર દિશામાં બા ના માથા પાસે દીવો મુકાયો. અંતે રડતાં રડતાં બધાએ બાને પરિક્રમા કરી.

નનામીમાં શબને વ્યવસ્થિત રીતે સુવાડવામાં આવ્યું. શબ પર ધાણી, શ્રીફળ, પુષ્પો વગેરે મુકાયાં. ને દામલ નનામીને ખાંધ આપી. પછી તો 'રામ બોલો ભાઈ રામ...' ના નાદ સાથે સ્મશાન યાત્રા નીકળી. આજની આ સ્મશાન યાત્રામાં બહોળી સંખ્યામાં માનવ સમુદાય જોડાયો હતો.

આમ સ્મશાન યાત્રાનો અંતિમ મુકામ સ્મશાનમાં પૂરો થયો. લાકડાની પથારી પર બા...ના મૃતદેહને ગોઠવાયો. બા...ના શબને ઉત્તર દિશા તરફ મસ્તક રહે તે રીતે રાખવામાં આવ્યું. અને પછી ઘરેથી લાવેલા હોળીમાંના અગ્નિને પૂળા સાથે વધુ સળગાવીને દામોએ પરિક્રમા કરવાનું કાર્ય પૂર્ણ કર્યું. ને છેલ્લે બા ના દેહને અગ્નિદાહ આપ્યો... ત્યારે દામલનું રુદન અત્યંત કરુણ બન્યું હતું. તેણે હૈયાફાટ રુદન કર્યું. છેલ્લે... સરપંચ તથા મિત્રો અને પડોશીઓએ દામોને આશ્વાસન આપી માંડ માંડ શાંત પાડ્યો.

(ક્રમશઃ)

# આ દુનિયામાં ઓછું કમાઈને ભરપૂર સુખ માણનારા લોકો પણ છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

સમય બદલાઈ ગયો છે. જેના પર આપણે ક્યારેક વિચાર કરતા હતા એવા વિષયો પર નિત્ય વિચાર કરવાનો વારો આવ્યો છે. જિંદગીનું નામ જ સમસ્યાઓ છે, જે વિઘ્ન નથી પણ તે માનવ જીવનને અનુભવ સમૃધ્ધ બનાવે છે. પૈસો કેમ પેદા કરવો એ વિશ્વનો સૌથી પ્રિય ઉદ્યમ છે, તેમાં ય ગુજરાતી તરીકે જન્મ લેવાની સાથે જ નાણાં તરફનું આકર્ષણ સાહજિક છે. જોકે માત્ર સંપત્તિ સર્જનની વ્યસ્તતામાં સ્વાસ્થ્યની સંપત્તિને વેડફી નાંખવાની ભૂલ મોટા ભાગના કરી બેસતા હોય છે. એટલે કે સ્વાસ્થ્યનો ખર્ચ કરીને પહેલા પૈસા મેળવવા અને પછી પૈસાનો ખર્ચ કરીને સ્વાસ્થ્ય શોધવા નીકળવું. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારત માટેનો સૌથી મોટો ખતરો અનારોગ્ય છે એમ જાહેર કર્યું છે. આખા દેશના સર્વેક્ષણ પર નજર નાંખવાને બદલે આસપાસમાં જ નજર કરો તો દસમાંથી સાત હિન્દુસ્તાનીઓ ખોરાકી કુટેવના ભોગ બનેલા હોય છે. આ કુટેવનો અર્થ એ છે કે જાણ્યે કે અજાણ્યે તેમના ભોજનથાળમાં ત્યાગ કરવાપાત્ર સામગ્રી પીરસાતી રહેતી હોય છે. ભારતના ચાલીસ ટકા લોકો ઠંડો ખોરાક લે છે અને એમાંના મહત્ લોકો તો ચાર કે છ કલાક પહેલા રાંધેલો ખોરાક આરોગે છે. સો દર્દની એક દવા તરીકે ગરમાગરમ રસોઈની વાત આયુર્વેદમાં કહેવામાં આવી છે. બીજી નવાઈની વાત એ છે કે આરોગ્ય સંબંધિત સલાહ આપો તો કોઈને ગમતી નથી. ભારતીય પ્રજા જે એક સમયે ખડતલ ગણાતી હતી તે હવે વિવિધ રોગથી ઘેરાવા લાગી છે. દેશના વીસ ટકા યુવાનોમાં કોઈ જ કારણ વિના માથાનો દુઃખાવો રહે છે. બહુ નાની ઉંમરે લેવામાં આવતી દવાઓ શરીરની આંતરિક સંરચનાને ગંભીર નુકસાન પહોંચાડે છે. નવી પેઢીના કોર્પોરેટ અધિકારીઓ પણ આરામ-વિરામની પોતાની અયોગ્ય ટેવોને કારણે શરીર પર જુલમ ગુજારે છે. વિકસિત રાષ્ટ્રોમાં પણ કોર્પોરેટ કલ્ચર છે જ. એમના સ્ટાફમાં ઉચ્ચ કક્ષાની આરોગ્ય સભાનતા હોય છે. અમેરિકા અને યુરોપિયન દેશોના નાગરિકોની ફૂડ હેબિટ પૂર્ણતઃ વૈજ્ઞાનિક અભિગમ ધરાવનારી હોય છે. આપણે ત્યાં આવતા વિદેશીઓ ભારતીય પ્રજાની આડેધડ આરોગવાની પધ્ધતિ જોઈને રીતસર ડઘાઈ જાય છે. દરેક સમસ્યાનો ઉકેલ નાણાંમાં રહેલો છે, તેવી દ્રઢ માન્યતા વર્ષોથી ઘર કરી ગઈ છે. તે સંદતર ખોટી પણ નથી છતાં માત્ર તેને જ એકમાત્ર લક્ષ્ય બનાવવામાં લાખ્ખો ખર્ચતા ન મળે તેવું સ્વાસ્થ્ય ગુમાવી દેવાનો વારો આવે છે. કોરોનાના આ ભયજનક દિવસોમાં હવે ગુજરાતી પ્રજાને આરોગ્યનો મહિમા કંઈક સમજાય છે. પળેપળે મહેનત કરીને કરેલી કમાણી હોસ્પિટલોના બિલોમાં વહી જતી જોવા કરતાં તો સ્વાસ્થ્યની જાળવણીમાં વિશેષ ધ્યાન આપવું એટલા માટે જરુરી છે કારણ કે વખત આવ્યે કમાણીની મજા માણી શકાય. આ દુનિયામાં ઓછું કમાઈને ભરપુર સુખ માણનારા લોકો પણ છે. ભારત થોડું ઘણું બચી ગયું છે એનું કારણ વિરાટ ગ્રામજીવન છે. ગામડાંઓમાં પરંપરા પ્રમાણેના આહાર-વિહાર જ્યાં યથાતથ ચાલે છે ત્યાં હજુ સ્વસ્થતા અને દીર્ઘ આયુષ્યના દ્રષ્ટાંતો જોવા મળે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કરેલા સર્વેક્ષણ બતાવે છે કે ભારતના ભણેલા ગણેલા લોકોમાંથી માત્ર આઠ ટકા નાગરિકોનો ડાયેટ ચાર્ટ પરફેક્ટ છે. એનો અર્થ એ છે કે બાકીના બધા આડે પાટે ચાલે છે.

વ્યાયામને વિસારે પાડી દઈને માત્ર ધન પ્રાપ્તિના માર્ગે આગળ વધવું એ પોતાના જ હાથે પગ પર કુહાડો મારવા જેટલું છે. થાળીમાં પિરસાયેલા દાળ-ભાત અને શાક-રોટલીને જોવાને બદલે માત્ર ગુલાબજાંબુ મેળવવા માટે મથતા અનેક લોકો એવા છે કે, જ્યારે તેમની થાળીમાં ગુલાબજાંબુ પિરસાય છે, ત્યારે તબીબો તેમને તે ન ખાવાની સલાહ આપી ચૂક્યા હોય છે. આવી સ્થિતિમાં ન સપડાવું એ જ બુધ્ધિશાળી માણસનું લક્ષણ છે અને એટલે જ તળપદી ભાષામાં લખાઈ ચૂક્યું છે કે, પહેલું સુખ તે જાતે નર્યા. પણ એ વાતો બહુ પ્રાચીન થઈ ગઈ છે. હવે જે નવા ખતરા તરફ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ટકોર કરી છે તે કૃષિ ઉત્પાદનોની હલકી ગુણવત્તા છે. રાસાયણિક ખાતરોને કારણે ફળફળાદિ, શાકભાજી, કઠોળ અને અનાજની ગુણવત્તાનું ઘોર પતન થયેલું છે. આ સંસ્થાના એક નિરીક્ષણ પ્રમાણે ભારતના શ્રીમંતો, ટૂંક સમયમાં જ ભારતીય કૃષિ ઉત્પાદનોનો ત્યાગ કરીને વિદેશથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત આયાતી આહાર મેળવતા થઈ જશે. તંદુરસ્તીની માસ્ટર કી ભારતે રાસાયણિક ખાતરોની બહુલતાને કારણે ગુમાવી દીધી છે.

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા સહિતની હાજરીમાં**

# ઈંગોરાળા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**જમીનની ફળદ્રુપતા વધારવા રાસાયણિક ખાતરના ઉપયોગથી દૂર રહેવા ખેડૂતોને અપીલ**

અમરેલી તા.૦૮

ઈંગોરાળા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા ઈંગોરાળા ગામે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સભાસદો, સહકારી આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમીનની ફળદ્રુપતા વધારવા અને રાસાયણિક ખાતરથી જમીનને થતા નુકસાન અંગે ખેડૂતોને જાગૃત કરવામાં આવ્યા હતા. રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગથી જમીન બંજર બનવા લાગી છે તેમજ સ્વાસ્થ્ય ઉપર પણ તેની અસરો જોવા મળી રહી હોવાની વાત કરવામાં આવી હતી. સભામાં રાષ્ટ્રીય સહકારી અગ્રણી દીલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા,





જિલ્લા ખરીદ વેચાણ સહકારી સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, મુકેશભાઈ સંઘાણી, જિલ્લા બેન્કના જનરલ મેનેજર બી.એસ.કોઠીયા, ઈફકો એરીયા મેનેજર, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દિનેશભાઈ પોપટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ઈંગોરાળા સેવા સહકારી મંડળીના સંચાલન અને સહકારી પ્રવૃત્તિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તકે દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, માત્ર ખેતી જ નહી ગીરગાય, પશુપાલન, કેળના રસમાંથી તૈયાર થતા ધરામૃત અને સહકારી અને પ્રવૃતિમાં પણ એટલી જ સામેલગીરી આવશ્યક હોવાનુ જણાવી સંસ્થા સફળતાના મૂળમાં સભાસદોનો વિશ્વાસ અને સસહકારી પ્રવૃતિનું યોગદાન સમાયેલ છે. અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયાએ જણાવ્યું હતુ કે, દુધ ઉત્પાદન,ગીરગાય, પશુપાલન અને આઈવીએફ એમરીયો ટ્રાન્સફર અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

કાર્યક્રમમાં દૂધ ઉત્પાદન, ગીરગાય, પશુપાલન તેમજ આઈવીએફ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. રાસાયણિક ખાતરના ઉપયોગથી દૂર રહેવા ખેડૂતોને અપીલ કરવામાં આવી હતી. સહકારી મંડળીની સરળ અને સુચારુ સંચાલન વ્યવસ્થા અંગે પણ માહિતી આપવામાં આવી હતી. સભાસદોને કેસરી કાળો વિતરણ, ચેક વિતરણ અને ભેટ વિતરણ કરવામાં આવ્યુ હતું. સભામાં ઈંગોરાળા સેવા સહકારી મંડળીની કામગીરીને બિરદાવવામાં આવી હતી. સહકારી પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવા અને ખેડૂતોના હિત માટે વિવિધ કામગીરી સતત ચાલુ રાખવા પર ભાર મુકાયો હતો. ગ્રામજનો અને સહકારી આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## દિલ્હીમાં ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં ૧૫ વર્ષનો સૌથી વધુ નોંધાયો વરસાદ

**સક્રિય ચોમાસાની સિસ્ટમના કારણે દિલ્હી-એનસીઆરમાં જળબંબાકાર**



નવીદિલ્હી,તા.૦૮

બંગાળની ખાડીમાં સર્જાયેલા ઓછા દબાણ અને સક્રિય ચોમાસાના પ્રવાહને કારણે દિલ્હી-એનસીઆરમાં મુસળધાર વરસાદ પડ્યો છે. ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં જ ૧૨૭ મીમી વરસાદ નોંધાતાં ૨૦૧૧ પછીનો ૧૫ વર્ષનો નવો રેકોર્ડ સર્જાયો છે. આઈટીઓ, છતરપુર, સફદરજંગ અને પુષ્પ વિહાર જેવા વિસ્તારોમાં ૧૦૦ મીમીથી વધુ વરસાદ વરસી જતાં IMD દ્વારા રેડ એલર્ટ જારી કરાયું હતું. સતત વરસાદને લીધે તાપમાન સામાન્ય કરતાં ૭ ડિગ્રી સેલ્સિયસ ઘટી ગયું છે.

## રાજુલા સ્ટેશન નજીક ગુડ્સ ટ્રેન પાટા પરથી ઉતરી જતા રેલવે તંત્ર દ્વારા તપાસ શરૂ

રાજુલા,તા.૦૮

અમરેલી-પીપાવાવ-સુરેન્દ્રનગર રેલવે લાઈન પર રાજુલા સ્ટેશન નજીક પીપાવાવ પોર્ટથી જતી એક ખાલી ગુડ્સ ટ્રેન અચાનક પાટા પરથી નીચે ઉતરી જતાં રેલવે તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને ટેકનિકલ ટીમ તાત્કાલિક



બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે રેલવે તંત્ર દ્વારા બંને લાઈનો પરનો વાહનવ્યવહાર તાત્કાલિક બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ક્રેનની મદદથી ટ્રેનને ફરીથી ટ્રેક પર લાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.આ ઘટના પાછળનું અગમ્ય કારણ હજુ સુધી અકબંધ છે. રેલવે પોલીસ અને ટેકનિકલ ટીમ દ્વારા ઘટના અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ ટ્રેન પાટા પરથી ખસી જવાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

## એમ.પી.ના ગ્વાલિયરમાં ભાજપ નેતાના NGO ખાતામાંથી રૂ.૨૧ કરોડની સાયબર છેતરપિંડી

**મની ટ્રેઇલ છુપાવવા માટે નાણાં ૧૫ અલગ સ્તરો દ્વારા ૨૦,૦૦૦ થી વધુ બેંક ખાતાઓમાં વહેંચવામાં આવ્યા**

ગ્વાલિયર,તા.૦૮

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં સીએ અશોક વિજયવર્ગીય સામે થયેલી ૨૧.૦૫ કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કેસમાં ભાજપ નેતા અને NGO પ્રમુખ જગદીશ કુમાર માલવિયાની સંડોવણી સામે આવી છે. આરોપી પોતાના સંગઠનના બેંક ખાતાનો ઉપયોગ દેશભરમાંથી થતી સાયબર છેતરપિંડીની રકમ ટ્રાન્સફર કરવા ૨% કમિશન બદલ કરતો હતો. તપાસ એજન્સીઓ મુજબ મની ટ્રેઈલ છુપાવવા માટે નાણાં ૧૫ અલગ સ્તરો દ્વારા ૨૦,૦૦૦ થી વધુ બેંક ખાતાઓમાં વહેંચવામાં આવ્યા હતા. આરોપીઓની થાઈલેન્ડ અને બેંગકોકની વિદેશ યાત્રાઓ તથા આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગ સાથેના જોડાણ અંગે હાલ સાયબર સેલ ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યું છે.

## ઉનામાં સગીર સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય સામે આવતા પોલીસ ફરિયાદ

**ધાક-ધમકી આપી ત્રણ મહિનાથી અત્યાચાર કર્યાનો પરિવારનો આક્ષેપ**

ઉના,તા.૦૮

ઉના પંથકમાં સગીર બાળક સાથે કથિત રીતે અપ્રાકૃતિક કૃત્ય આચરવામાં આવ્યું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. પરિવારજનોની ફરિયાદના




આધારે ઉના પોલીસે એક પુખ્ત વ્યક્તિ અને એક સગીર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પરિવારના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ મહિનાથી બાળકને ધાક-ધમકી આપી કથિત રીતે અત્યાચાર કરવામાં આવતો હતો. કોઈને જાણ કરશે તો ગંભીર પરિણામની ધમકી અપાતી હતી. બાળકની સ્થિતિ બગડતાં તેણે માતાને સમગ્ર હકીકત જણાવી હતી. બાદમાં પરિવારજનોએ તેને ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. આરોપીઓએ બાળકના વીડિયો બનાવી બ્લેકમેઈલ કર્યાનો પણ પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.

## પંજાબની ફાઝિલ્કા સરહદ પર BSF અને પોલીસે ડ્રોન સાથે હથિયારો જપ્ત કર્યા

ફાઝિલ્કા,તા.૦૮

પંજાબના ફાઝિલ્કા જિલ્લાના તાહલીવાલા ગામ નજીક ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદેથી ડ્રોન દ્વારા હથિયારો મોકલવાનું પાકિસ્તાનનું કાવતરું નિષ્ફળ બનાવવામાં આવ્યું છે. BSF અને પંજાબ પોલીસે સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવીને સરહદથી લગભગ એક



કિલોમીટર અંદર ઘૂસી આવેલા પાકિસ્તાની ડ્રોનને જપ્ત કર્યું છે. ડાંગરના ખેતરમાંથી ડ્રોન સાથે ચીની બનાવટની પિસ્તોલ, બે મેગેઝિન અને ચાર જીવતા કારતૂસ મળી આવ્યા છે. આ હથિયારો કોને મોકલવામાં આવ્યા હતા અને તેની પાછળ કયા નેટવર્કનો હાથ છે તે અંગે પોલીસે કેસ નોંધી તપાસ તેજ કરી છે.

તાજેતરમાં પંજાબ પોલીસે ISI સમર્થિત ક્રોસ બોર્ડર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરીને નવ લોકોની અટકાયત કરી હતી, જેમાં ચાર સગીરો પણ સામેલ હતા.

## મૂળદ્વારકાના દરિયામાં ગેરકાયદે માછીમારી કરતી હોડી ઝડપાઈ

કોડીનાર,તા.૦૮

મૂળ દ્વારકા બંદરના દરિયામાં યાત્રિક હોડીથી માછીમારી કરવા પર પ્રતિબંધ હોવા છતાં ગેરકાયદે ફિશિંગ કરતી એક હોડી ઝડપાઈ છે. કોડીનાર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન 'જીલાણી' નામની હોડી નંબર IND-GJ-11-MO-5635ને ઝડપી તેના ટંડેલ સાબીરભાઈ મુસાભાઈ લુચાણી (ઉ.વ. ૨૦), રહે. મૂળ દ્વારકા,



તસવીર : ધર્મેશ પાઠક

સામે ગુનો નોંધ્યો છે. મત્સ્યોદ્યોગ કમિશનરના પરિપત્ર મુજબ ૧ જૂનથી ૧૫ ઓગસ્ટ સુધી દરિયામાં યાંત્રિક બોટથી માછીમારી કરવા પર પ્રતિબંધ છે. તેમ છતાં હોડી ફિશિંગ કરતી મળી આવી હતી.આ કામગીરી પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## નગડિયા-જસાધાર વચ્ચે વિખૂટું પડેલું સિંહબાળનું માતા સાથે મિલન

ઉના,તા.૦૮

ઉના નજીક નગડિયા અને જસાધાર વચ્ચે ૬ થી ૭ માસનું સિંહબાળ રોડ પર એકલું આવી જતાં ભીડ એકઠી થઈ હતી. ઘટનાની જાણ થતાં જસાધાર રેન્જ વનવિભાગ



તાત્કાલિક સ્થળે પહોંચ્યો હતો. ટીમે લોકોને દૂર ખસેડી વિસ્તાર કોર્ડન કર્યો હતો. માત્ર અડધા કલાકના સર્ચ ઓપરેશન બાદ નજીકમાં જ સિંહણ મળી આવી હતી. વનવિભાગની ત્વરિત કામગીરીથી સિંહબાળનું માતા સાથે સુરક્ષિત મિલન શક્ય બન્યું હતું.

## ધોરાજીના ઝાંઝમેર પાસે ઉતાવળી નદીમાંથી રૂ.૩૫ લાખની ગેરકાયદે ખનીજ ચોરી ઝડપાઈ

**એક જેસીબી, બે ટ્રેક્ટર અને રેતીનો જથ્થો મળી કુલ રૂ.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત**

ધોરાજી,તા.૦૮

રેન્જ આઈજી નિર્લિપ્ત રોયની ટીમને મળેલી બાતમીના આધારે ધોરાજીના ઝાંઝમેર ગામ નજીક મંગલેશ્વર મહાદેવ મંદિર પાછળ ઉતાવળી નદીમાં પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં એક જેસીબી, બે ટ્રેક્ટર અને રેતીનો



જથ્થો મળી કુલ રૂ.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.પોલીસે ઘટનાસ્થળેથી ભુરાભાઈ કોડીયાતર, અરજણભાઈ રબારી, ધવલ ડાભી, સુરેશ રોજાસરા, મયુર રબારી અને જીગ્નેશ સોલંકીને પકડી પાડી આગળની કાયદેસરની તપાસ ખાણ-ખનીજ વિભાગને સોંપી છે.

## ધોરાજીમાં રૂ.૩૫ લાખના ખર્ચે બનેલું સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ બિસ્માર હોવાથી ખેલાડીઓમાં આક્રોશ

**ગ્રાઉન્ડનું તાત્કાલિક રીપેરીંગ કરવા માંગ ઉઠી**

ધોરાજી,તા.૦૮

ધોરાજીમાં વિકાસકામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે વધુ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. સ્ટેશન રોડ પર આવેલી ભગવતસિંહજી હાઈસ્કૂલના ગ્રાઉન્ડને સુધારી રમતવીરો માટે તૈયાર કરવા માર્ગ અને મકાન



(R&B) વિભાગ દ્વારા રૂ.૩૫ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે, નબળી કામગીરીને કારણે આ એકમાત્ર ગ્રાઉન્ડ આજે અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયું છે.ગ્રાઉન્ડ પર ખો-ખો, વોલીબોલ અને ૨૦૦ મીટરના રનિંગ ટ્રેક જેવી સુવિધાઓ યોગ્ય રીતે ન બનતા અને ખાડા પડી જતાં રમતવીરો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે. પરિણામે ખેલાડીઓએ પ્રેક્ટિસ બંધ કરવી પડી છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલિભગત સામે સ્થાનિક સ્પોર્ટ્સ ફાઉન્ડેશન અને યુવાનોમાં ભારે આક્રોશ છે. ખેલાડીઓએ દોષિતો સામે કડક પગલાં ભરી ગ્રાઉન્ડનું તાત્કાલિક રીપેરિંગ કરવાની માંગ કરી છે.

## ગોંડલ નાગરિક બેંકના વાઈસ ચેરમેન તરીકે શિલ્પાબા ચુડાસમાની વરણી

ગોંડલ,તા.૦૮

ગોંડલના માંડવી ચોક ખાતે આવેલી નાગરિક બેંકમાં તાજેતરમાં બોર્ડ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું


તસવીર : ભોજાણી દેવાંગ

હતું. આરબીઆઈની ગાઈડલાઈન મુજબ ૧૦ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં વાઈસ ચેરમેન ઓમદેવસિંહ જાડેજા અને ડિરેક્ટર દીપકભાઈ સોલંકીએ રાજીનામા આપ્યા હતા. ખાલી પડેલી જગ્યાઓ પર શિલ્પાબા ચુડાસમા અને મનીષાબેન સોલંકી બિનહરીફ ડિરેક્ટર તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ યોજાયેલી બેઠકમાં શિલ્પાબા ચુડાસમાની વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરાઈ હતી.આ પ્રસંગે બેંકના ચેરમેન કિશોરભાઈ કાલરીયા સહિત ડિરેક્ટરો અને રાજકીય આગેવાનોએ નવનિયુક્ત હોદ્દેદારોને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.


**-// શ્રી એમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ખાંભા, ખાંભાની કોર્ટ //-**

નં.એમ.એ.જી/જન્મ-મરણ/રજી.કેસ નં.- ૮૫/૨૬ — તા.૧૬/૦૭/૨૦૨૬

**અરજદાર :-** આલકુભાઈ કાળુભાઈ સાભાડ
રહે. મોટા બારમણ તા. ખાંભા જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રી અને
તલાટી કમ મંત્રીશ્રી મોટા બારમણ તા. ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી આલકુભાઈ કાળુભાઈ સાભાડ ના જન્મ/મરણ તા.૦૫/૦૬/૧૯૭૯ ના રોજ મોટા બારમણ મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતા ને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોવાનું જણાવી, જન્મ/મરણની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ થી દિન-૩૦ સુધીમાં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ-૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

# દીવ નજીક થયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈકસવાર પોરબંદરના બે યુવાનોના મોત

ઉના,તા.૦૮

દીવના સાઉદવાડી મેઈન રોડ પર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં પોરબંદરથી ફરવા આવેલા બે યુવાનોના કરૂણ મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ પોરબંદરથી છ મિત્રો દીવ ફરવા આવ્યા હતા અને મહેશ્વરી હોટેલમાં રોકાયા હતા. તે પૈકી જય નરસિંહ લોધારી (ઉંમર



૨૬) અને યોગેશ છગન ચાવડા (ઉંમર ૩૫) રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે ટુ-વ્હીલર પર વણાંકબારાથી સાઉદવાડી તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સાઉદવાડી મેઈન રોડ પર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે તેમનું ટુ-વ્હીલર છકડા રિક્ષા સાથે અથડાયા બાદ રસ્તાની બાજુની દીવાલ અને થાંભલા સાથે જોરદાર રીતે અથડાયું હતું. અકસ્માતમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બીજા યુવાનનું હોસ્પિટલ લઈ જતી વખતે મોત થયું હતું. બંનેને સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં વણાંકબારા કોસ્ટલ પોલીસ અને દીવ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

# કચ્છના સરક્રીકમાં પાકિસ્તાનની વધતી સૈન્ય હલચલથી ભારતીય સુરક્ષા એજન્સીઓ સતર્ક

ભુજ, તા.૦૮

ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ યથાવત્ છે ત્યારે કચ્છ નજીક આવેલા સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી સૈન્ય તહેનાતી વધારવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે. અહેવાલ મુજબ પાકિસ્તાની નૌસેનાએ સર ક્રીક વિસ્તારમાં મરીન કમાન્ડો, ડ્રોન, હોવરક્રાફ્ટ, સ્પીડબોટ અને મેરિટાઈમ સર્વેલન્સ




સાધનો સાથે કામગીરી શરૂ કરી છે. ડિફેન્સ નિષ્ણાતોના મતે સર ક્રીકનો કાદવવાળો વિસ્તાર, દરિયાઈ ભરતી-ઓટ અને ચોમાસા દરમિયાન વધતું પાણી સૈન્ય કામગીરીને પડકારજનક બનાવે છે. પાકિસ્તાનની વધતી તહેનાતી પાછળ વ્યૂહાત્મક દબાણ, સંભવિત ખતરા અંગેની ધારણા તેમજ પોતાની સૈન્ય ક્ષમતા દર્શાવવાનો પ્રયાસ હોઈ શકે છે.

ભારત સર ક્રીક વિસ્તારમાં **BSF**, ભારતીય નૌસેના અને કોસ્ટ ગાર્ડની હાજરી સાથે સુરક્ષા અને મેરિટાઈમ સર્વેલન્સ મજબૂત બનાવી રહ્યું છે. નિષ્ણાતોના મતે હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને પાકિસ્તાનની દરેક હિલચાલ પર સતત નજર રાખવી મહત્વપૂર્ણ છે.

# ચોમાસું ખેંચાતા રાજકોટમાં ફરી જળસંકટના એંધાણ, આજી-૧ અને ન્યારી-૧માં મર્યાદિત જળસંગ્રહ

રાજકોટ, તા.૦૮

ચોમાસું ખેંચાતા રાજકોટમાં ફરી એકવાર જળસંકટના એંધાણ જોવા મળી રહ્યા છે. શહેરને પીવાનું પાણી પૂરું પાડતા મુખ્ય ડેમોમાં પાણીનો જથ્થો ઘટી રહ્યો હોવાથી રાજકોટ મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર પાસે નર્મદાનું પાણી ફાળવવાની માંગ કરી છે. ચોમાસા પહેલાં રાજકોટના જળાશયોમાં નર્મદાનું પાણી ભરવામાં આવ્યું હતું, પરંતુ અપેક્ષા મુજબ વરસાદ ન થતાં ડેમોમાં પાણીની આવક ઘટી છે. હાલ આજી-૧ ડેમમાં ૨૨.૨૩ ફૂટ પાણી સાથે આશરે ૪૬૪.૨ **MCFt** જળસંગ્રહ છે, જ્યારે ન્યારી-૧ ડેમમાં ૧૬.૨૦ ફૂટ પાણી સાથે આશરે ૪૭૩.૦૨ **MCFt** પાણી ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું છે.

હાલની સ્થિતિ મુજબ બંને ડેમમાં આશરે ૧૦ સપ્ટેમ્બર સુધી ચાલે તેટલો જથ્થો હોવાનું મનાઈ રહ્યું છે.

# વઢવાણના નગરા ગામે નહાવા પડેલા રાજસ્થાનના ૪ શ્રમિક યુવકોના ડૂબી જવાથી થયા કરુણ મોત

સુરેન્દ્રનગર, તા.૦૮

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના નગરા ગામ નજીક વોંકળાના પાણીમાં નહાવા પડેલા રાજસ્થાનના ચાર પરપ્રાંતીય શ્રમિક યુવકોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. ચારેય યુવકો નગરા ગામ નજીક આવેલી સોલાર કંપનીમાં મજૂરી કામ માટે આવ્યા હતા. પ્રાથમિક



માહિતી મુજબ, મહેશ જાટ, મોહન જાટ, શિવરામ જાટ અને કુશવાહ જાટ નામના આશરે ૨૫ વર્ષીય યુવકો વોંકળામાં નહાવા ગયા હતા. પાણીની ઊંડાઈનો અંદાજ ન આવતા ચારેય ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયાઓની મદદથી ચારેયના મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સુરેન્દ્રનગરની સરકારી ગાંધી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના આપી હતી.

# રાજ્યમાં ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૦૮

ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મોન્સુન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સિસ્ટમ સક્રિય હોવાના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો જોવા મળી શકે છે. આગામી ત્રણ દિવસ દરમિયાન અનેક જિલ્લાઓમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ સાથે ગાજવીજ અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં વાતાવરણ વાદળછાયું રહેવાની પણ સંભાવના છે.

જોકે, આગામી સપ્તાહ દરમિયાન રાજ્યમાં ક્યાંય પણ અતિભારે વરસાદ પડવાની શક્યતા નહીં હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. ગરમી અને બફારામાંથી પણ લોકોને આંશિક રાહત મળવાની શક્યતા છે.

# સુરતના પુણાગામ વિસ્તારમાં પિતાએ સાવકી પુત્રીને ગર્ભવતી બનાવતા નરાધમ પર ફીટકાર

સુરત, તા.૦૮

સુરત શહેરના પુણાગામ વિસ્તારમાં સાવકા પિતા દ્વારા ૧૪ વર્ષની સગીરા પર વારંવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવ્યાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે.

સગીરાને પેટમાં સતત દુખાવો થતાં પરિવાર તેને સારવાર માટે લઈ ગયો હતો. તબીબી તપાસ દરમિયાન સગીરા સાત મહિનાની ગર્ભવતી હોવાનું સામે આવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, સગીરાની માતાએ આશરે દસ વર્ષ પહેલાં પ્રથમ પતિથી અલગ થયા બાદ પુત્રી સાથે અન્ય




વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા. આરોપી સાવકા પિતા તરીકે પરિવાર સાથે રહેતો હતો. આરોપીએ છેલ્લા કેટલાક મહિનાથી સગીરા પર વારંવાર દુષ્કર્મ આચરી ધાકધમકી આપીને કોઈને જાણ ન કરવા દબાણ કર્યું હોવાનો આરોપ છે. તબીબી તપાસ બાદ માતાએ પુત્રી પાસેથી સમગ્ર હકીકત જાણી પોલીસનો સંપર્ક કર્યો હતો.

# રાજ્યમાં ૧૬મા નાણાપંચની ગ્રાન્ટ માટે નવી માર્ગદર્શિકા જાહેર, ૮૦% બેઝિક અને ૨૦% પરફોર્મન્સ ગ્રાન્ટ મળશે

ગાંધીનગર, તા.૦૮

ગુજરાતની ગ્રામ પંચાયતો સહિત ગ્રામ્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૧૬મા નાણાપંચની ગ્રાન્ટના અમલીકરણ અને મોનિટરિંગ અંગે રાજ્ય સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. વર્ષ ૨૦૨૬થી ૨૦૩૧ દરમિયાન ભલામણો મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. નવી જોગવાઈ



મુજબ કુલ ગ્રાન્ટમાંથી ૮૦ ટકા બેઝિક અને ૨૦ ટકા પરફોર્મન્સ ગ્રાન્ટ રહેશે. બેઝિક ગ્રાન્ટમાં ૫૦ ટકા ટાઈડ અને ૫૦ ટકા અનટાઈડ ગ્રાન્ટનો સમાવેશ થશે. ટાઈડ ગ્રાન્ટનો ઉપયોગ સ્વચ્છતા, ઘન કચરા અને જળ વ્યવસ્થાપન માટે કરાશે, જેમાં ૫૦ ટકા રકમ સ્વચ્છતા પાછળ ખર્ચવાની રહેશે. અનટાઈડ ગ્રાન્ટ સ્થાનિક વિકાસકાર્યો માટે વાપરી શકાશે, પરંતુ તેમાં મહત્તમ ૨૦ ટકા રકમ રસ્તાના કામો પાછળ ખર્ચી શકાશે. કુલ ગ્રાન્ટમાંથી ૮૦ ટકા ગ્રામ પંચાયત, ૧૦ ટકા તાલુકા પંચાયત અને ૧૦ ટકા જિલ્લા પંચાયતને ફાળવાશે.


અભિનંદન સહ શુભકામનાઓ



અમરેલી જિલ્લા પંચાયતમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે મહિલા અગ્રણી
સોનલબેન સંજયભાઈ તારપરાની
સર્વાનુમતે વરણી થતાં તેમને હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ. તેમના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે નવી દિશા અને વિકાસના કાર્યોને વેગ મળે તેવી શુભેચ્છાઓ.....

શ્રીમતિ સોનલબેન એસ. તારપરા
ચેરમેનશ્રી : શિક્ષણ સમિતી જિલ્લા પંચાયત અમરેલી

-:: શુભેચ્છક ::-
અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પરિવાર
શ્રી મહેન્દ્રભાઈ વિંછીયા
કોષાધ્યક્ષશ્રી : ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ

શ્રી પ્રવિણભાઈ કસવાળા - મહામંત્રીશ્રી
શ્રી રસિકભાઈ મહેતા - મહામંત્રીશ્રી
શ્રી ક્રિપાલસિંહ જાડેજા - પ્રમુખશ્રી
શ્રી નિલેશભાઈ ફુંમર - શિસ્ત સમિતી અધ્યક્ષ
શ્રી પ્રમોદભાઈ કાનપરીયા - ખજાનચીશ્રી
શ્રી ધર્મેન્દ્રભાઈ ધાધલ - સિ.ઉપપ્રમુખશ્રી

શ્રી ભાવનાબેન પટેલ - કાર્યાધ્યક્ષ ગુ.રા.પ્રા.શિ.સંઘ
શ્રી ભગીરથભાઈ વરૂ - પ્રમુખશ્રી જાફરાબાદ
શ્રી ધર્મેન્દ્રભાઈ ધાધલ - પ્રમુખશ્રી રાજુલા
શ્રી ગુલઝારભાઈ રાઠોડ - પ્રમુખશ્રી સા.કુંડલા
શ્રી પ્રતાપભાઈ બસિયા - પ્રમુખશ્રી ધારી
શ્રી વિમલભાઈ દેવાણી - પ્રમુખશ્રી કુંકાવાવ
શ્રી અજયભાઈ હુદડ - પ્રમુખશ્રી બાબરા
શ્રી હિતેષભાઈ સોરઠીયા - પ્રમુખશ્રી લાઠી
શ્રી અશ્વિનભાઈ જે.વિંછીયા - પ્રમુખશ્રી લીલીયા
શ્રી નિલેશભાઈ ઉનાગર - પ્રમુખશ્રી ખાંભા
શ્રી વિપુલભાઈ ધોરાજીયા - પ્રમુખશ્રી અમરેલી
શ્રી સમીરભાઈ શેખ - પ્રમુખશ્રી બગસરા
શ્રી અશ્વિનભાઈ વિંછીયા - સિ.કાર્યાધ્યક્ષશ્રી અ. જિ.પ્રા.શિ.સંઘ
શ્રી સચિનભાઈ મહેતા - મંત્રીશ્રી જાફરાબાદ
શ્રી પ્રમોદભાઈ કાનપરીયા - મંત્રીશ્રી રાજુલા
શ્રી અલ્પેશસિંહ જાડેજા - મંત્રીશ્રી સા.કુંડલા
શ્રી પ્રવિણભાઈ કસવાલા - મંત્રીશ્રી ધારી
શ્રી કલ્પેશભાઈ વસાણી - મંત્રીશ્રી કુંકાવાવ
શ્રી સંજયભાઈ વસાણી - મંત્રીશ્રી બાબરા
શ્રી જયદિપસિંહ સરવૈયા - મંત્રીશ્રી લાઠી
શ્રી ધીરૂભાઈ ફુંમર - મંત્રીશ્રી લીલીયા
શ્રી વિનોદભાઈ ગાજીપરા - મંત્રીશ્રી ખાંભા
શ્રી અનિલભાઈ વ્યાસ મંત્રીશ્રી અમરેલી
શ્રી વિપુલભાઈ ગજેરા - મંત્રીશ્રી બગસરા

તમામ રાજ્ય, જિલ્લા અને તાલુકા કારોબારી સભ્યશ્રીઓ
અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પરિવાર


# રાજકોટના પીઠડીયા-શાપરમાં ખનીજ ચોરીનો પર્દાફાશ, રૂ.૧.૩૯ કરોડનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૦૮

રાજકોટ જિલ્લામાં ગેરકાયદે ખનીજ ચોરી અને બિનઅધિકૃત ઉત્ખનન સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. રાજકોટ રેન્જ અને શાપર પોલીસની ટીમે બાતમીના આધારે પીઠડીયા અને શાપર વિસ્તારમાં દરોડા પાડી ગેરકાયદે ખનીજ ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ખાણો તથા બિનઅધિકૃત ઉત્ખનન સ્થળોએ તપાસ દરમિયાન જરૂરી મંજૂરી વિના ખનીજનું ઉત્ખનન અને વહન કરતા ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન ખનીજ ચોરીમાં ઉપયોગમાં લેવાતા **JCB**, ડમ્પર, ભારે વાહનો સહિત મળી કુલ રૂ.૧.૩૯ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.ચારેય આરોપીઓની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ખનીજ ક્યાં સપ્લાય થતું હતું અને આ પ્રવૃત્તિમાં અન્ય કોણ સંકળાયેલું છે તે અંગે તપાસ ચાલી રહી છે.

# ભાવનગરમાં બોગસ બિલિંગ મામલે રૂ.૩૩.૮૯ કરોડની ખોટી ITC મેળવનાર પેઢીના માલિકની ધરપકડ

ભાવનગર, તા.૦૮

ભાવનગરમાં સેન્ટ્રલ **GST** વિભાગે બોગસ બિલિંગના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. સ્ક્રેપના વેપાર સાથે સંકળાયેલી મેસર્સ અરવા એક્ઝિમ સામેની તપાસમાં આશરે રૂ.૩૩.૮૯ કરોડની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ **(ITC)** મેળવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મામલે પેઢીના માલિક મુબીન મોહમ્મદશફીભાઈ લાખાણીની ૬ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટમાં રજૂ કરાયા બાદ તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો




હુકમ થયો છે. તપાસમાં વાસ્તવિક માલની ખરીદી-વેચાણ વિના માત્ર દસ્તાવેજી વ્યવહારોના આધારે **ITC** મેળવાઈ હોવાનું જાણવા મળ્યું છે. **GST** વિભાગે પેઢીના બેંક ખાતાં, વ્યવહારો અને સંબંધિત દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે.

# ગેસના ભાવ વધતા રાજ્યમાં ઓટો રીક્ષાના ભાવ વધારાને રાજ્ય સરકારે મંજૂરી આપી

અમદાવાદ, તા.૦૮

ગુજરાત સરકારના પોર્ટ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગે રાજ્યમાં ઓટોરિક્ષાના નવા ભાડા દર જાહેર કર્યા છે. ૭ ઓગસ્ટ, ૨૦૨૯થી અમલમાં આવેલા નવા દર મુજબ શહેરી વિસ્તારોમાં પ્રથમ ૧.૨ કિલોમીટર માટે લઘુત્તમ ભાડું રૂ.૨૫ રહેશે. ત્યારબાદ પ્રત્યેક ૨૦૦ મીટર માટે રૂ.૪ ચૂકવવાના રહેશે. રાત્રે ૧૧થી સવારે ૫ વાગ્યા દરમિયાન મુસાફરી કરનારાઓ પાસેથી નિયત ભાડા ઉપરાંત ૫૦ ટકા નાઈટ ચાર્જ વસૂલવામાં આવશે. રિક્ષા રોકાવાના વેઈટિંગ ચાર્જની જોગવાઈ પણ



કરવામાં આવી છે. વિવિધ રિક્ષા ચાલક સંગઠનોએ ભાડાવધારાના નિર્ણયને આવકાર્યો છે. ઈંધણના વધતા ભાવ અને જીવનનિર્વાહના ખર્ચને ધ્યાનમાં રાખીને આ નિર્ણય જરૂરી હોવાનું સંગઠનોએ જણાવ્યું છે. સાથે જ તમામ રિક્ષાચાલકોને નવા ભાડાપત્રક વાહનમાં દર્શાવવા અને મુસાફરો સાથે શિષ્ટ વ્યવહાર કરવાની અપીલ કરવામાં આવી છે.


naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com